શ્રીમદ્ભગવદ્ગીતા-મોક્ષસંન્યાસયોગ
(અઢારમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત 'અમૃતતરંગિણી' તથા
શ્રીવલ્લભજીકૃત 'તત્વદીપિકા'ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

પૂ.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા - સંસ્થાપિત

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી દ્વારા લખાયેલ શ્રીમદ્ભગવદ્ગીતા સમ્બન્ધી પુસ્તકોની યાદી

	પુસ્તકનું નામ	**કીંમત**
(૧)	શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા કહેવાયેલ કર્મનું રહસ્ય-૧-૨ (ગુજરાતીમાં તથા હિન્દીમાં બન્નેમાં મળશે)	૩૦-૦૦
(૨)	ભક્તિયોગ (બારમો અધ્યાય)(પ્રમીલા વ્યાખ્યાસહ)	૧૦-૦૦
(૩)	ન્યાસાદેશ વિવરણ (મૂલ તથા અનુવાદ)	૧૦-૦૦
(૪)	Secret of "Action" (As Discussed in Bhagavad Gita)	૩૦-૦૦

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી દ્વારા અન્વય તથા અનુવાદ કરાયેલ શ્રીમદ્ ભગવદ્ગીતા સમ્બન્ધી પુસ્તકોની યાદી

(૧)	શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રથમ અધ્યાય **વિષાદયોગ**	૧૦-૦૦
(૨)	શ્રીમદ્ ભગવદ્ ગીતા સાતમો અધ્યાય **જ્ઞાનવિજ્ઞાનયોગ**	૧૫-૦૦
(૩)	શ્રીમદ્ ભગવદ્ ગીતા આઠમો અધ્યાય **અક્ષરબ્રહ્મયોગ**	૧૫-૦૦
(૪)	શ્રીમદ્ભગવદ્ ગીતા નવમો અધ્યાય **રાજવિદ્યારાજગુહ્યયોગ**	૧૫-૦૦
(૫)	શ્રીમદ્ ભગવદ્ ગીતા દશમો અધ્યાય **વિભૂતિયોગ**	૧૦-૦૦
(૬)	શ્રીમદ્ ભગવદ્ ગીતા અગિયારમો અ.**વિશ્વરૂપદર્શનયોગ**	૧૫-૦૦
(૭)	શ્રીમદ્ ભગવદ્ ગીતા બારમો અધ્યાય **ભક્તિયોગ**	૧૦-૦૦
(૮)	શ્રીમદ્ ભગવદ્ ગીતા તેરમો અધ્યાય **ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ**	૧૫-૦૦
(૯)	શ્રીમદ્ ભગવદ્ ગીતા ચૌદમો અધ્યાય **ગુણત્રયવિભાગયોગ**	૧૫-૦૦
(૧૦)	શ્રીમદ્ ભગવદ્ ગીતા પંદરમો અધ્યાય **પુરુષોત્તમયોગ**	૧૦-૦૦
(૧૧)	શ્રીમદ્ ભગવદ્ ગીતા સોળમો અ. **દૈવાસુરસમ્પદ્વિભાગયોગ**	૧૦-૦૦
(૧૨)	શ્રીમદ્ ભગવદ્ ગીતા સત્તરમો અધ્યાય **શ્રદ્ધાવિવેકયોગ**	૧૦-૦૦
(૧૩)	શ્રીમદ્ ભગવદ્ ગીતા અઢારમો અધ્યાય **જ્ઞાનસંન્યાસયોગ**	૧૫-૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

	વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮)	ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯)	ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦)	ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧)	ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨)	એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૭	વડોદરા શિબિર	૧૩	૨૬૦
૧૩)	ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪)	ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫)	ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬)	ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭)	ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮)	વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૨	૪૦
૧૯)	સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૦)	યમુનાષ્ટક ૧-૨-૩-૪	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૧)	વિવેકધૈર્યાશ્રય	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૨)	ભક્તિવર્દ્ધિની	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૩)	નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૪)	રાસપંચાધ્યાયી	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૫)	ગોપીગીત	મુંબઇ પ્રવચન	૨	૪૦
૨૬)	દાનલીલા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૭)	યુગલગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૮)	ભ્રમરગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૯)	સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ પ્રવચન	૨	૪૦
૩૦)	નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૧)	ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૨)	કીર્તન-ભાવાર્થ શિબિર	અમદાવાદ શિબિર	૭	૧૪૦
૩૩)	સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૪)	સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૫)	સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૬)	ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૭)	ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૮)	પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૯)	ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૦)	સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૧)	ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૨)	શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૩)	વેણુગીત	બેંગ્લોર ક્લાસ	૧	૨૦
૪૪)	ભક્તિહંસ -૧-૨-૩-૪-૫	વડોદરા શિબિર	૬	૧૨૦
૪૫)	વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૬)	ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૭)	ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૮)	પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૯)	અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૧	૨૦
૫૦)	પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૧)	અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૨)	ભક્તિવર્દ્ધિની	જૂનાગઢ શિબિર	૨	૪૦
૫૩)	વેણુગીત-૨	રાજકોટ ક્લાસ	૧	૨૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

શ્રીમદ્ભગવદ્ગીતા–મોક્ષસંન્યાસયોગ

(અઢારમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત 'અમૃતતરંગિણી' તથા શ્રીવલ્લભજીકૃત 'તત્ત્વદીપિકા'ના આધારે અન્વય તથા સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી–વડોદરા.

આ પ્રકાશનમાં દ્રવ્યસહયોગકર્તા :-

વડોદરાના એક અગ્રણી ઉદ્યોગપતિ તથા તેમના પરિવારના
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

C/o. શ્રીચુનીભાઈ જી.શાહ, કૃષ્ણકાન્તભાઈ ટી.શાહ, વિનોદભાઈ એન.શાહ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૮, ચૈત્ર સુદ, ઈ.સ. માર્ચ-૨૦૧૨

પ્રત - ૫૦૦

ન્યોછાવર - રૂ. ૧૫-૦૦

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી શ્રીમદ્ - ભગવદ્ગીતાનો અઢારમો અધ્યાય-મોક્ષસંન્યાસયોગ એના સરળ અન્વય અને સરળ ભાવાર્થ સહિત બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહ્યો છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, ૧૩ થી ૧૮, ૧૯ થી ૨૫, ૨૬ થી ૪૦,અને ૪૦ થી ઉપરની વયના વયસ્કો એમ બાળકો,યુવાનો તથા વયસ્કો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જુનાગઢ મુકામે (૧૭ મે થી ૨૩ મે ૨૦૧૨) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અન્વય-ભાવાર્થ સાથેની અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

યદ્યપિ પ્રયત્નપૂર્વક ભાવાર્થ-અન્વયમાં જેટલી શક્ય હોય તેટલી સરળતા લાવવાનો પ્રયત્ન કર્યો છે જેથી શિબિરાર્થીઓને સમજવામાં સુગમ થઈ પડે, તેમ છતાં પણ વધુ પડતું સરળ કરવામાં ગીતાકારનો જે આશય છે તે જ જતો રહે તેથી સિદ્ધાન્તની તથા ગીતાકારના આશયની જાળવણી કરતાં જેટલું શક્ય હતું તેમ કર્યું છે. દરેક શ્લોકના અન્વય-ભાવાર્થમાં ઘણું કરીને ગીતા ઉપરની પુષ્ટિમાર્ગીય બે ટીકાઓ (૧) શ્રીપુરુષોત્તમજી કૃત 'અમૃતતરંગિણી' અને (૨) શ્રીવલ્લભજીકૃત 'તત્ત્વદીપિકા' એમ બે ટીકાઓનું અનુસરણ કરીને ભાવાર્થ-અન્વય તૈયાર કર્યા છે. આગળ પણ આ જ પ્રકારે ગીતાના બાકીના બીજા અધ્યાયોને ક્રમશઃ પ્રકટ કરવાનો સંકલ્પ મનમાં રાખ્યો છે, શ્રીપ્રભુ પૂર્ણ કરશે.

આ પ્રકાશનમાં શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં વડોદરાના એક ઉદ્યોગપતિએ કે જેમના માતૃશ્રી અમારા દરેક સત્કાર્યોમાં અગ્રસર રહ્યા છે અને રહે છે તથા આવી મોટી ઉમરે પણ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તો સાંભળવાનો આગ્રહ રાખે છે એમણે તત્પરતા દાખવી પોતાના દ્રવ્યનો આ સત્કાર્યમાં વિનિમય કર્યો તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો.

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
ચૈત્ર વદ-૧૧, **શ્રીવલ્લભાચાર્ય ચરણ પ્રાદુર્ભાવ મહોત્સવ**,સોમવાર
૧૬-૪-૨૦૧૨-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

શ્રીમદ્ભગવદ્ગીતા 'મોક્ષસંન્યાસયોગ'
(અઢારમો અધ્યાય)

અથ અષ્ટાદશોઽધ્યાયઃ

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)
સન્ન્યાસસ્ય મહાબાહો તત્ત્વમિચ્છામિ વેદિતુમ્ ।
ત્યાગસ્ય ચ હૃષીકેશ પૃથક્ કેશિનિષૂદન ॥ ૧ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)
કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ ।
સર્વકર્મફલત્યાગં પ્રાહુસ્ત્યાગં વિચક્ષણાઃ ॥ ૨ ॥

ત્યાજ્યં દોષવદિત્યેકે કર્મ પ્રાહુર્મનીષિણઃ ।
યજ્ઞ-દાન-તપઃ કર્મ ન ત્યાજ્યમિતિ ચાપરે ॥ ૩ ॥

નિશ્ચયં શ્રૃણુ મેતત્ર ત્યાગે ભરતસત્તમ ।
ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર ત્રિવિધઃ સમ્પ્રકીર્તિતઃ ॥ ૪ ॥

યજ્ઞો દાનં તપઃ કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।
યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ ॥ ૫ ॥

એતાન્યપિ તુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ફલાનિ ચ ।
કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમ્ ॥ ૬ ॥

નિયતસ્ય તુ સન્ન્યાસઃ કર્મણોનોપપદ્યતે ।
મોહાત્તસ્ય પરિત્યાગઃ તામસઃ પરિકીર્તિતઃ ॥ ૭ ॥

દુઃખમિત્યેવ યત્કર્મ કાયક્લેશભયાત્ ત્યજેત્ ।

સ કૃત્વા રાજસં ત્યાગં નૈવ ત્યાગફલં લભેત્ ॥ ૮ ॥

કાર્યમિત્યવ યત્કર્મ નિયતં ક્રિયતેઽર્જુન ।
સઙ્ગં ત્યક્ત્વા ફલં ચૈવ સ ત્યાગઃ સાત્ત્વિકો મતઃ ॥ ૯ ॥

ન દ્વેષ્ટ્યકુશલં કર્મ કુશલે નાનુષજ્જતે ।
ત્યાગી સત્ત્વસમાવિષ્ટો મેધાવી છિન્નસંશયઃ ॥ ૧૦ ॥

ન હિ દેહભૃતા શક્યં ત્યક્તું કર્માણ્યશેષતઃ
યસ્તુ કર્મફલત્યાગી સ ત્યાગીત્યભિધીયતે ॥ ૧૧ ॥

અનિષ્ટમિષ્ટં મિશ્રં ચ ત્રિવિધં કર્મણઃ ફલમ્ ।
ભવત્યત્યાગિનાં પ્રેત્ય ન તુ સન્ન્યાસિનાં ક્વચિત્ ॥ ૧૨ ॥

પઞ્ચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે ।
સાંખ્યે કૃતાન્તે પ્રોક્તાનિ સિદ્ધયે સર્વકર્મણામ્ ॥ ૧૩ ॥

અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્ ।
વિવિધાશ્ચ પૃથક્ચેષ્ટા દૈવં ચૈવાત્ર પઞ્ચમમ્ ॥ ૧૪ ॥

શરીર-વાઙ્-મનોભિર્યત્ કર્મ પ્રારભતે નરઃ ।
ન્યાય્યં વા વિપરીતં વા પઞ્ચૈતે તસ્ય હેતવઃ ॥ ૧૫ ॥

તત્રૈવં સતિ કર્તારમાત્માનં કેવલં તુ યઃ ।
પશ્યત્યકૃતબુદ્ધિત્વાન્ન સ પશ્યતિ દુર્મતિઃ ॥ ૧૬ ॥

યસ્ય નાહંકૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે ।
હત્વાઽપિ સ ઈમાઁલ્લોકાન્ન હન્તિ ન નિબધ્યતે ॥ ૧૭ ॥

જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના ।
કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મ સંગ્રહઃ ॥ ૧૮ ॥

જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ ।
પ્રોચ્યન્તે ગુણ સંખ્યાને યથાવચ્છૃણુ તાન્યપિ ॥ ૧૯ ॥

સર્વભૂતેષુ યેનૈકં ભાવમવ્યયમીક્ષતે ।
અવિભક્તં વિભક્તેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્ ॥ ૨૦ ॥

પૃથકત્વેન તુ યજ્જ્ઞાનં નાનાભાવાન્ પૃથગ્વિધાન્ ।
વેત્તિ સર્વેષુ ભૂતેષત્રદ્દ તજ્જ્ઞાનં વિદ્ધિ રાજસમ્ ॥ ૨૧ ॥

યત્ તુ કૃત્સ્નવદેકસ્મિન્ કાર્યે સક્તમહેતુકમ્ ।
અતત્ત્વાર્થવદલ્પ ચ તત્ તામસમુદાહૃતમ્ ॥ ૨૨ ॥

નિયતં સંગરહિતં અરાગદ્વેષતઃ કૃતમ્ ।
અફલપ્રેપ્સુના કર્મ યત્ તત્ સાત્ત્વિકમુચ્યતે ॥ ૨૩ ॥

યત્ તુ કામેપ્સુના કર્મસાહંકારેણ વા પુનઃ ।
ક્રિયતે બહુલાયાસં તદ્રાજસમુદાહૃતમ્ ॥ ૨૪ ॥

અનુબન્ધં ક્ષયં હિંસામનવેક્ષ્ય ચ પૌરુષમ્ ।
મોહાદારભ્યતે કર્મ યત્ તત્ તામસમુચ્યતે ॥ ૨૫ ॥

મુક્તસંગોઽનહંવાદી ધૃત્યુત્સાહસમન્વિતઃ ।
સિદ્ધ્યસિદ્ધ્યોર્નિર્વિકારઃ કર્તા સાત્ત્વિક ઉચ્યતે ॥ ૨૬ ॥

રાગી કર્મફલપ્રેપ્સુઃ લુબ્ધો હિંસાત્મકોઽશુચિઃ ।
હર્ષ-શોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિતઃ ॥ ૨૭ ॥

અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃશઠોનૈષ્કૃતિકોઽલસઃ ।
વિષાદી દીર્ઘસૂત્રી ચ કર્તા તામસ ઉચ્યતે ॥ ૨૮ ॥

બુદ્ધેર્ભેદં ધૃતેશ્ચૈવ ગુણતસ્ત્રિવિધં શ્રૃણુ ।

પ્રોચ્યમાનમશેષેણ પૃથકત્વેન ધનઞ્જય ॥ ૨૯॥

પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે ।
બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥ ૩૦॥

યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।
અયથાવત્ પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસી ॥ ૩૧॥

અધર્મં ધર્મમિતિ યા મન્યતે તમસાઽઽવૃતા ।
સર્વાર્થાન્ વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ તામસી ॥ ૩૨॥

ધૃત્યા યયા ધારયતે મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ ।
યોગેનાવ્યભિચારિણ્યા ધૃતિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥ ૩૩॥

યયા તુ ધર્મકામાર્થાન્ ધૃત્યા ધારયતેઽર્જુન ।
પ્રસંગેન ફલાકાંક્ષી ધૃતિઃ સા પાર્થ રાજસી ॥ ૩૪ ॥

યયા સ્વપ્નં ભયં શોકં વિષાદં મદમેવ ચ ।
ન વિમુઞ્ચતિ દુર્મેધા ધૃતિઃ સા પાર્થ તામસી ॥ ૩૫ ॥

સુખં ત્વિદાનીં ત્રિવિધં શ્રૃણુ મે ભરતર્ષભ ।
અભ્યાસાદ્રમતે યત્ર દુઃખાન્તંચ નિગચ્છતિ ॥ ૩૬ ॥

યત્તદગ્રે વિષમિવ પરિણામેઽમૃતોપમમ્ ।
તત્સુખં સાત્ત્વિકં પ્રોક્તં આત્મબુદ્ધિપ્રસાદજમ્ ॥ ૩૭ ॥

વિષયેન્દ્રિયસંયોગાદ્ યત્તદ્ગ્રેઽમૃતોપમમ્ ।
પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ॥ ૩૮ ॥

યદગ્રે ચાનુબન્ધે ચ સુખં મોહનમાત્મનઃ ।

નિદ્રાલસ્યપ્રમાદોત્થં તત્ તામસમુદાહૃતમ્ ॥ ૩૯ ॥

ન તદસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ ।
સત્ત્વં પ્રકૃતિજૈર્મુક્તં યદેભિઃસ્યાત્ ત્રિભિર્ગુણૈઃ ॥ ૪૦ ॥

બ્રાહ્મણ-ક્ષત્રિય-વિશાં શૂદ્રાણાં ચ પરંતપ ।
કર્માણિ પ્રવિભક્તાનિ સ્વભાવપ્રભવૈર્ગુણૈઃ ॥ ૪૧ ॥

શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ ।
જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મ સ્વભાવજમ્ ॥ ૪૨॥

શૌર્યં તેજો ધૃતિર્દાક્ષ્યં યુદ્ધેચાપ્યપલાયનમ્ ।
દાનમીશ્વરભાવશ્ચ ક્ષાત્રકર્મ સ્વભાવજમ્ ॥ ૪૩ ॥

કૃષિ-ગૌરક્ષ્ય-વાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્ ।
પરિચર્યાત્મકં કર્મ શૂદ્રસ્યાપિ સ્વભાવજમ્ ॥ ૪૪॥

સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ।
સ્વકર્મનિરતઃ સિદ્ધિં યથા વિન્દન્તિ તચ્છૃણુ ॥ ૪૫ ॥

યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।
સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ॥ ૪૬ ॥

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાઽઽપ્નોતિ કિલ્બિષમ્ ॥ ૪૭॥

સહજં કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત્ ।
સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાઽઽવૃતાઃ ॥ ૪૮ ॥

અસક્તબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહઃ ।
નૈષ્કર્મ્યસિદ્ધિં પરમાં સન્ન્યાસેનાધિગચ્છતિ ॥ ૪૯ ॥

સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાડડપ્નોતિ નિબોધ મે ।
સમાસેનૈવ કૌન્તેય નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા ॥ ૫૦ ॥

બુદ્ધ્યા વિશુદ્ધયાયુક્તો ધૃત્યાડડત્માનંનિયમ્ય ચ ।
શબ્દાદીન્ વિષયાંસ્ત્યક્ત્વા રાગદ્વેષૌ વ્યુદસ્ય ચ ॥ ૫૧ ॥

વિવિક્તસેવી લબ્ધાશી યતવાક્કાયમાનસઃ ।
ધ્યાનયોગપરો નિત્યં વૈરાગ્યં સમુપાશ્રિતઃ ॥ ૫૨ ॥

અહંકારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્ ।
વિમુચ્ય નિર્મમઃ શાન્તો બ્રહ્મભૂયાય કલ્પતે ॥ ૫૩ ॥

બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।
સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥ ૫૪ ॥

ભક્ત્યા મામભિજાનાતિ યાવાન્ યશ્ચાસિ તત્ત્વતઃ ।
તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ॥ ૫૫ ॥

સર્વ કર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ ।
મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ॥ ૫૬ ॥

ચેતસા સર્વકર્માણિ મયિ સન્ન્યસ્યમત્પરઃ ।
બુદ્ધિયોગમુપાશ્રિત્ય મચ્ચિત્તઃ સતતં ભવ ॥ ૫૭ ॥

મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્ તરિષ્યસિ ।
અથ ચેત્ ત્વમહંકારાન્ન શ્રોષ્યસિ વિનંક્ષ્યસિ ॥ ૫૮ ॥

યદહંકારમાશ્રિત્ય નયોત્સ્ય ઈતિ મન્યસે ।
મિથ્યૈષ વ્યવસાયસ્તે પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ ॥ ૫૯ ॥

સ્વભાવજેન કૌન્તેય નિબદ્ધઃ સ્વેન કર્મણા ।

કર્તું નેચ્છસિ યન્મોહાત્ કરિષ્યસ્યવશોડપિ તત્ ॥ ૬૦ ॥

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેડર્જુન તિષ્ઠતિ ।
ભ્રામયન્ સર્વ ભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥ ૬૧ ॥

તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત ।
તત્ પ્રસાદાત્ પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ॥ ૬૨ ॥

ઈતિ તે જ્ઞાનમાખ્યાતં ગુહ્યાદ્ગુહ્યતરં મયા ।
વિમૃશ્યૈતદશેષેણ યથેચ્છસિ તથા કુરુ ॥ ૬૩ ॥

સર્વ ગુહ્યતમં ભૂયઃ શ્રૃણુ મે પરમં વચઃ ।
ઈષ્ટોડસિ મે દઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્ ॥ ૬૪ ॥

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈસ્યસિ સત્યંતે પ્રતિજાને પ્રિયોડસિ મે ॥ ૬૫ ॥

સર્વધર્માન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥ ૬૬ ॥

ઈદં તે નાતપસ્કાય નાભક્તાય કદાચન ।
ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોડભ્યસૂયતિ ॥ ૬૭ ॥

ય ઈમં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ ।
ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્યસંશયઃ ॥ ૬૮ ॥

ન ચ તસ્માન્મનુષ્યેષુ કશ્ચિન્મે પ્રિયકૃત્તમઃ ।
ભવિતા ન ચ મે તસ્માદન્યઃ પ્રિયતરો ભુવિ ॥ ૬૯ ॥

અધ્યેષ્યતે ચ ય ઈમં ધર્મ્યં સંવાદમાવયોઃ ।
જ્ઞાનયજ્ઞેન તેનાહમિષ્ટઃ સ્યામિતિ મે મતિઃ ॥ ૭૦ ॥

શ્રદ્ધાવાનનસૂયશ્ચ શ્રૃણુયાદપિ યો નરઃ ।
સોઽપિ મુક્તઃ શુભાઁલ્લોકાન્ પ્રાપ્નુયાત્ પુણ્યકર્મણામ્ ॥ ૭૧ ॥
ક્વચિદેતચ્છ્રુતં પાર્થ ત્વયૈકાગ્રેણ ચેતસા ।
ક્વચિદજ્ઞાનસમ્મોહઃ પ્રનષ્ટસ્તે ધનઞ્જય ॥ ૭૨ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાઽચ્યુત ।
સ્થિતોઽસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ ॥ ૭૩ ॥

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

ઈત્યહં વાસુદેવસ્ય પાર્થસ્ય ચ મહાત્મનઃ ।
સંવાદમિમમશ્રૌષમદ્ભુતં રોમહર્ષણમ્ ॥ ૭૪ ॥

વ્યાસપ્રસાદાત્ શ્રુતવાન્ એતદ્ગુહ્યમહં પરમ્ ।
યોગં યોગેશ્વરાત્ કૃષ્ણાત્ સાક્ષાત્ કથયતઃ સ્વયમ્ ॥ ૭૫ ॥

રાજન્ સંસ્મૃત્ય સંસ્મૃત્ય સંવાદમિમમદ્ભુતમ્ ।
કેશવાર્જુનયોઃ પુણ્યં હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ ॥ ૭૬ ॥

તચ્ચ સંસ્મૃત્ય સંસ્મૃત્ય રૂપમત્યદ્ભુતં હરેઃ ।
વિસ્મયો મે મહાન્ રાજન્ હૃષ્યામિ ચ પુનઃ પુનઃ ॥ ૭૭ ॥

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીઃવિજયો ભૂતિઃ ધ્રુવા નીતિર્મતિર્મમ ॥ ૭૮ ॥

ઈતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે મોક્ષસંન્યાસયોગો નામ અષ્ટાદશોઽધ્યાયઃ ॥ ૧૮ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ અષ્ટાદશોઽધ્યાયઃ

(ગીતાનો અઢારમો અધ્યાય)

મોક્ષ સંન્યાસયોગ

સત્તરમા અધ્યાયના શ્રવણથી ભગવાનના વાક્યરૂપી સૂર્યનાં કિરણોથી અર્જુનના હૃદયનો મોહરૂપી અન્ધકાર નષ્ટ થયો અને એણે એમ જાણી લીધું કે સંન્યાસથી અને કર્મફલને ત્યાગવાથી જ ભગવાનની પ્રાપ્તિ સમ્ભવ છે. આથી એનું હૃત્ કમળ ખીલી ઊઠ્યું અને પોતાના બુદ્ધિ નિશ્ચયે સંન્યાસના ઉત્તમ જ્ઞાનવાળો થઈને પણ ભગવાન વડે કહેવાયેલ પોતાના ઉત્તમ જ્ઞાનથી એને સિદ્ધ કરવાની ઈચ્છાથી બંનેનું (સંન્યાસ અને ત્યાગનું) તત્ત્વ અર્જુન ભગવાનને પૂછે છે -

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

સન્ન્યાસસ્ય મહાબાહો તત્ત્વમિચ્છામિ વેદિતુમ્ ।
ત્યાગસ્ય ચ હૃષીકેશ પૃથક્ કેશિનિષૂદન ॥ ૧ ॥

અન્વય	**અર્થ**
મહાબાહો	હે લાંબા બાહુવાળા -મહત્ ક્રિયાશક્તિવાળા-મારો ઉદ્ધાર કરવા સમર્થ !
હૃષીકેશ	હે ઈન્દ્રિયોના સ્વામી-આ તત્ત્વજ્ઞાન માટે મારી ઈન્દ્રિયોને પ્રેરનારા !
કેશિનિષૂદન	હે કેશિનામના દૈત્યને હણનારા !
સંન્યાસસ્ય	(‘સર્વ કર્માણિ મનસા સંન્યસ્યાઽસ્તે સુખં વશી’ (૫-૧૩), તથા ‘સંન્યાસયોગયુકતાત્મા વિમુકતો

	મામુપૈષ્યસિ' (૯-૨૮), વગેરે વાક્યોથી સંન્યાસ થકી ભગવાને સ્વપ્રાપ્તિ કહી, તે) સંન્યાસના
તત્ત્વમ્	તત્ત્વને (જે પ્રકારના સંન્યાસ વડે આપની પ્રાપ્તિ થાય છે તે પ્રકારના તત્ત્વને)
(અહમ્)	હું
વેદિતુમ્	જાણવા
ઈચ્છામિ	ઈચ્છુ છું (તે આપ જણાવો)
ચ	અને
પૃથક્	(દૈત્ય આવેશ વડે શરીર ક્લેશ વગેરે આપનારા ત્યાગથી) પૃથક્-અલગ
ત્યાગસ્ય	(આપની સેવા અર્થે કરાતા) ત્યાગનું (તત્ત્વ, એમ બન્ને અલગ-અલગ તત્ત્વ જાણવા ચાહું છું) ॥ ૧ ॥

ભાવાર્થ – હે લાંબા બાહુવાળા -મહત્ ક્રિયાશક્તિવાળા-મારો ઉદ્ધાર કરવા સમર્થ ! હે ઈન્દ્રિયોના સ્વામી-આ તત્ત્વજ્ઞાન માટે મારી ઈન્દ્રિયોને પ્રેરનારા ! હે કેશિનામના દૈત્યને હણનારા ! ('સર્વ કર્માણિ મનસા સંન્યસ્યાડસ્તે સુખં વશી' (૫-૧૩), તથા 'સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસિ' (૯-૨૮) વગેરે વાક્યોથી સંન્યાસ થકી ભગવાને સ્વપ્રાપ્તિ કહી, તે) સંન્યાસના તત્ત્વને (જે પ્રકારના સંન્યાસ વડે આપની પ્રાપ્તિ થાય છે તે પ્રકારના તત્ત્વને) હું જાણવા ઈચ્છુ છું (તે આપ જણાવો) અને (દૈત્ય આવેશ વડે શરીર ક્લેશ વગેરે આપનારા ત્યાગથી) પૃથક્-અલગ (આપની સેવા અર્થે કરાતા) ત્યાગનું (તત્ત્વ, એમ બન્ને અલગ-અલગ તત્ત્વ જાણવા ચાહું છું) ॥ ૧ ॥

અર્જુનના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે -

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ ।
સર્વકર્મફલત્યાગં પ્રાહુસ્ત્યાગં વિચક્ષણાઃ ॥ ૨ ॥

અન્વય	અર્થ
કવયઃ	(તત્ત્વજ્ઞાનવાળા નહીં કિન્તુ નિર્દુષ્ટ શબ્દના રસિક, શબ્દના તથા તેના અર્થને જાણનારા એવા) કવિઓ
કામ્યાનામ્	કામના થકી કરાતા એવાં
કર્મણામ્	(સ્વર્ગકામનાથી જ્યોતિષ્ટોમ-પાપનિવૃત્તિ માટે અશ્વમેધ વગેરે) વૈદિક કર્મોના
ન્યાસમ્	ત્યાગને-છોડવાને
સંન્યાસમ્	સંન્યાસ (રૂપે કે નામે)
વિદુઃ	જાણે છે (અને)
વિચક્ષણાઃ	(વિશેષ પ્રકારે વ્યાખ્યાન કરવા સમર્થ, ચાતુર્ય વગેરેથી યુક્ત થયેલા એવા) દીર્ઘદ્રષ્ટા વિદ્વાનો
સર્વકર્મફલ-ત્યાગમ્	નિત્ય-નૈમિત્તિક સર્વ કર્મોથી થનારા ફલના ત્યાગને
ત્યાગમ્	ત્યાગ એમ
પ્રાહુઃ	કહે છે (નિત્યકર્મોનું ફલ વેદમાં શ્રવણ થતું નથી, છતાં પણ પ્રત્યવાય દોષ પરિહારને જ તેઓ ફલ જાણે છે એ જ એમનું વિચક્ષણપણું છે, તેથી ઉપર્યુક્ત બન્ને તત્ત્વને જાણતા નથી એમ તાત્પર્ય છે) ॥ ૨ ॥

ભાવાર્થ – (તત્ત્વજ્ઞાનવાળા નહીં કિન્તુ નિર્દુષ્ટ શબ્દના રસિક, શબ્દના તથા તેના અર્થને જાણનારા એવા) કવિઓ કામના થકી કરાતાં એવાં

(સ્વર્ગ કામનાથી જ્યોતિષ્ટોમ-પાપનિવૃત્તિ માટે અશ્વમેધ વગેરે) વૈદિક કર્મોના ત્યાગને-છોડવાને સન્ન્યાસ (રૂપે કે નામે) જાણે છે (અને) (વિશેષ પ્રકારે વ્યાખ્યાન કરવા સમર્થ, ચાતુર્ય વગેરેથી યુક્ત થયેલા એવા) દીર્ઘદ્રષ્ટા વિદ્વાનો નિત્ય-નૈમિત્તિક સર્વ કર્મોથી થનારા ફલના ત્યાગને ત્યાગ એમ કહે છે (નિત્યકર્મોનું ફલ વેદમાં શ્રવણ થતું નથી, છતાં પણ પ્રત્યવાય દોષ પરિહારને જ તેઓ ફલ જાણે છે એ જ એમનું વિચક્ષણપણું છે, તેથી ઉપર્યુક્ત બન્ને તત્ત્વને જાણતા નથી એમ તાત્પર્ય છે) ॥ ૨ ॥

ત્યાજયં દોષવદિત્યેકે કર્મ પ્રાહુર્મનીષિણઃ ।
યજ્ઞ-દાન-તપઃ કર્મ ન ત્યાજ્યમિતિ ચાપરે ॥ ૩ ॥

અન્વય	અર્થ
એકે	કેટલાક
મનીષિણઃ	વારંવાર વિચારનારા વિવેકશીલ જ્ઞાનીઓ-સાંખ્યો
કર્મ	(જેનાથી જ્ઞાન પ્રકટ થાય તેવા જ્ઞાન વગેરેના સાધન સિવાયના અન્ય સર્વ) કર્મ
દોષવત્	દોષવાળા છે એમ જાણી તેને
ત્યાજ્યમ્	ત્યાગવું
ઈતિ	એમ
પ્રાહુઃ	પ્રકૃષ્ટતાએ-પ્રમાણાદિસહ કહે છે
ચ	અને
અપરે	બીજાઓ (કર્મવાદી મીમાંસકો)
યજ્ઞ-દાન-તપઃ કર્મ	(શાસ્ત્રમાં વિધાન થયેલું હોવાથી) યજ્ઞ-દાન-તપરૂપ કર્મ

ન	નહીં
ત્યાજ્યમ્	ત્યાગવું
ઈતિ	એમ કહે છે (કર્મવાદીઓ કર્મને જ ઈશ્વર માને છે જે બરાબર નથી, એમ ઉપર્યુક્ત બન્નેની સમજ યોગ્ય નથી) ॥ ૩ ॥

ભાવાર્થ – કેટલાક વારંવાર વિચારનારા વિવેકશીલ જ્ઞાનીઓ-સાંખ્યો (જેનાથી જ્ઞાન પ્રકટ થાય તેવા જ્ઞાન વગેરેના સાધન સિવાયના અન્ય સર્વ) કર્મ દોષવાળા છે એમ જાણી તેને ત્યાગવું એમ પ્રકૃષ્ટતાએ-પ્રમાણાદિસહ કહે છે અને બીજાઓ (કર્મવાદી મીમાંસકો) (શાસ્ત્રમાં વિધાન થયેલું હોવાથી) યજ્ઞ-દાન-તપરૂપ કર્મ નહીં ત્યાગવું એમ કહે છે (કર્મવાદીઓ કર્મને જ ઈશ્વર માને છે જે બરાબર નથી, એમ ઉપર્યુક્ત બન્નેની સમજ યોગ્ય નથી) ॥ ૩ ॥

એ પ્રમાણે તત્ત્વને નહીં જાણનારાઓના મતોને જણાવીને તે બાબતોમાં તત્ત્વજ્ઞાનને અર્થે પોતાનો નિશ્ચિત મત જણાવે છે -

નિશ્ચયં શ્રુણુ મે તત્ર ત્યાગે ભરતસત્તમ ।
ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર ત્રિવિધઃ સમ્પ્રકીર્તિતઃ ॥ ૪ ॥

અન્વય	અર્થ
ભરતસત્તમ	હે અર્જુન ! સત્કુલમાં ઉત્પન્ન (હોવાથી શ્રવણ કરવા યોગ્ય!)
તત્ર	(ઘણાબધાએ ઘણા બધા પ્રકારે પ્રપંચિત કરેલા) તે
ત્યાગે	ત્યાગના વિષયમાં
મે	મારો (મારા વડે)
નિશ્ચયમ્	નિશ્ચય (ને) (નિર્ધારિતને)
શ્રુણુ	સાંભળ,

પુરુષવ્યાઘ્ર	હે પુરુષશ્રેષ્ઠ અર્જુન ! (દશમ સ્કન્ધ સુબોધિનીમાં કહ્યા મુજબનો પુરુષજીવ ભગવદ્ભજનમાં અધિકારી હોવાથી તેવા પુરુષજીવોમાં શ્રેષ્ઠ !)
ત્યાગો	ત્યાગ
હિ	નિશ્ચય કરીને
ત્રિવિધઃ	ત્રણ પ્રકારનો (તામસ-રાજસ-સાત્ત્વિક પ્રકારનો)
સમ્પ્રકીર્તિતઃ	સમ્યક્ પ્રકારે કહેવાયો છે ॥ ૪ ॥

ભાવાર્થ – હે અર્જુન ! સત્કુલમાં ઉત્પન્ન (હોવાથી શ્રવણ કરવા યોગ્ય!) (ઘણાબધાએ ઘણા બધા પ્રકારે પ્રપંચિત કરેલા) તે ત્યાગના વિષયમાં મારો (મારા વડે) નિશ્ચય (ને) (નિર્ધારિતને) સાંભળ, હે પુરુષશ્રેષ્ઠ અર્જુન! (દશમ સ્કન્ધ સુબોધિનીમાં કહ્યા મુજબનો પુરુષજીવ ભગવદ્ભજનમાં અધિકારી હોવાથી તેવા પુરુષજીવોમાં શ્રેષ્ઠ !) ત્યાગ નિશ્ચય કરીને ત્રણ પ્રકારનો (તામસ-રાજસ-સાત્ત્વિક પ્રકારનો) સમ્યક્ પ્રકારે કહેવાયો છે ॥ ૪ ॥

(ત્યાગની ત્રિવિધતા આગળ કહેશે, હાલ અહીં પોતાનો નિશ્ચય કહે છે -)

યજ્ઞો દાનં તપઃ કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।
યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ ॥ ૫ ॥

અન્વય	અર્થ
યજ્ઞઃ	(યજ્ઞો વૈ વિષ્ણુઃ’ એ શ્રુતિથી વિષ્ણુયજનરૂપ) યજ્ઞ,
દાનમ્	(દેવતાના ઉદ્દેશથી દ્રવ્યવિસર્જનાત્મક) દાન,
તપઃ	સ્વધર્માચરણરૂપ તપ

કર્મ	(તે આ ત્રણે ભગવદ્ધર્મપદરૂપ શ્રૌત) કર્મ
ન	(મોક્ષ મેળવવાની ઈચ્છાવાળા મુમુક્ષુઓએ પણ) નહીં
ત્યાજ્યમ્	ત્યાગવું,
તત્	તે (પ્રત્યવાય પરિહારને અર્થે)
કાર્યમ્	અવશ્ય કર્તવ્યના રૂપમાં કરવું
એવ	(અન્ય ફલની અભિલાષા રાખ્યા વિના) જ (નિઃસન્દેહ કરવું જ કારણ કે)
યજ્ઞઃ	યજ્ઞ,
દાનમ્	દાન
ચ	અને
તપઃ	તપ
એવ	આ ત્રણે જ
મનીષિણામ્	(આ ત્રણેના સ્વરૂપને યથાયોગ્યરૂપમાં જાણનારા) જ્ઞાનીઓને
પાવનાનિ	(આ ત્રણેના સ્વરૂપને જાણીને ત્રણે કરાતાં) પાવન કરનાર એટલે કે ચિત્તનું શોધન કરનાર છે ॥ ૫ ॥

ભાવાર્થ – (‘યજ્ઞો વૈ વિષ્ણુઃ’ એ શ્રુતિથી વિષ્ણુયજનરૂપ) યજ્ઞ, (દેવતાના ઉદ્દેશથી દ્રવ્યવિસર્જનાત્મક) દાન, સ્વધર્માચરણરૂપ તપ (તે આ ત્રણે ભગવદ્ધર્મપદરૂપ શ્રૌત) કર્મ (મોક્ષ મેળવવાની ઈચ્છાવાળા મુમુક્ષુઓએ પણ) નહીં ત્યાગવું, તે (પ્રત્યવાય પરિહારને અર્થે) અવશ્ય કર્તવ્યના રૂપમાં કરવું (અન્ય ફલની અભિલાષા રાખ્યા વિના) જ (નિઃસન્દેહ કરવું જ કારણ કે) યજ્ઞ, દાન અને તપ આ ત્રણે જ (આ ત્રણેના સ્વરૂપને યથાયોગ્યરૂપમાં જાણનારા) જ્ઞાનીઓને (આ ત્રણેના

સ્વરૂપને જાણીને ત્રણે કરાતાં) પાવન કરનાર એટલે કે ચિત્તનું શોધન કરનાર છે ॥ ૫ ॥

યજ્ઞ, દાન, તપ એ ત્રણે જે પ્રકારે કરવાથી પાવન કરે છે તે પ્રકારને કહે છે-

એતાન્યપિ તુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ફલાનિ ચ ।
કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમ્ ॥ ૬ ॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર અર્જુન !
તુ	વળી
એતાનિ	(પાવન કરનારા) આ ત્રણે
કર્માણિ	(યજ્ઞ,દાન,તપરૂપ) કર્મો
અપિ	પણ
સઙ્ગમ્	કર્મના કર્તાપણાના અભિનિવેશને
ચ	અને
ફલમ્	(ગુણમય રોચન કરનારા સ્વર્ગસુખ વગેરે) ફળોને
ત્યક્ત્વા	ત્યાગીને
કર્તવ્યાનિ	(મારી આજ્ઞા સ્વરૂપમાં જ) કરવા
ઈતિ	એમ
મે	મારા વડે
નિશ્ચિતમ્	નિશ્ચિત કરાયેલ
ઉત્તમમ્	(પૂર્વમાં કહેવાઈ ગયેલા મતોમાં) ઉત્તમ
મતમ્	મત છે ॥ ૬ ॥

ભાવાર્થ – હે પૃથાપુત્ર અર્જુન ! વળી (પાવન કરનારા) આ ત્રણે (યજ્ઞ,દાન,તપરૂપ) કર્મો પણ કર્મના કર્તાપણાના અભિનિવેશને અને (ગુણમય રોચન કરનારા સ્વર્ગસુખ વગેરે) ફળોને ત્યાગીને (મારી આજ્ઞા સ્વરૂપમાં જ) કરવા એમ મારા વડે નિશ્ચિત કરાયેલ (પૂર્વમાં કહેવાઈ ગયેલા મતોમાં) ઉત્તમ મત છે ॥ ૬ ॥

એ પ્રમાણે પોતાના દ્વારા નિશ્ચય કરાયેલ અર્થ-મતને કહીને હવે આગળ યજ્ઞ, દાન, તપના દરેક ત્રણ-ત્રણ પ્રકારો કહે છે, તેમાં પ્રથમ તામસ ત્યાગને કહે છે -

નિયતસ્ય તુ સન્ન્યાસઃ કર્મણો નોપપદ્યતે ।
મોહાત્તસ્ય પરિત્યાગઃ તામસઃ પરિકીર્તિતઃ ॥ ૭ ॥

અન્વય	અર્થ
તુ	વળી
નિયતસ્ય	(ભક્તિના અંગ રૂપમાં) નિયત કરાયેલા
કર્મણઃ	(યજ્ઞ-દાન-વગેરે શ્રૌત) કર્મોનો
સન્ન્યાસઃ	ત્યાગ (કરવાથી તે)
ઉપપદ્યતે	ભગવાનના સામીપ્યને પ્રાપ્ત થતો
ન	નથી (તેમ છતાં પણ)
મોહાત્	(આ પ્રકારે કર્મનો ત્યાગ એ મોક્ષ મેળવી આપનાર છે એવા) મોહથી એટલે કે ભ્રમથી
તસ્ય	તેવા (નિયત) કર્મનો
પરિત્યાગઃ	પરિત્યાગ કરવો એવા પરિત્યાગને
તામસઃ	તામસ એટલે કે અજ્ઞાન સ્વરૂપનો તામસ પરિત્યાગ
પરિકીર્તિતઃ	કહેવામાં આવ્યો છે ॥ ૭ ॥

ભાવાર્થ – વળી (ભક્તિના અંગ રૂપમાં) નિયત કરાયેલા (યજ્ઞ-દાન-વગેરે શ્રૌત) કર્મોનો ત્યાગ (કરવાથી તે) ભગવાનના સામીપ્યને પ્રાપ્ત થતો નથી (તેમ છતાં પણ) (આ પ્રકારે કર્મનો ત્યાગ એ મોક્ષ મેળવી આપનાર છે એવા) મોહથી એટલે કે ભ્રમથી તેવા (નિયત) કર્મનો પરિત્યાગ કરવો એવા પરિત્યાગને તામસ એટલે કે અજ્ઞાન સ્વરૂપનો તામસ પરિત્યાગ કહેવામાં આવ્યો છે ॥ ૭ ॥

રાજસ ત્યાગને કહે છે -

દુઃખમિત્યેવ યત્કર્મ કાયક્લેશભયાત્ ત્યજેત્ ।
સ કૃત્વા રાજસં ત્યાગં નૈવ ત્યાગફલં લભેત્ ॥ ૮ ॥

અન્વય	અર્થ
દુઃખમ્	(ત્યાગ એ ભગવદાસક્તિ થકી ભગવદર્થ કરવો જોઈએ તેમ નહીં જાણીને ત્યાગ એ) દુઃખરૂપ
ઈતિ એવ	(લૌકિક રાજસ સુખમાં પ્રતિબન્ધ કરનાર) જ છે એમ જાણીને,
કાયક્લેશ-ભયાત્	(તે કર્મો ઘણા બધા આયાસથી જ સાધ્ય છે એમ) શરીરને ક્લેશ થવાના ભયથી
યત્ કર્મ	જે કર્મને ત્યાગે છે
સઃ	તે-તેવા લોકો
રાજસમ્	રાજસ
ત્યાગમ્	ત્યાગને
કૃત્વા	કરીને
ત્યાગફલમ્	(મારી પ્રસન્નતારૂપ) ફલને
નૈવ	નથી જ
લભેત્	પ્રાપ્ત કરતા ॥ ૮ ॥

ભાવાર્થ – (ત્યાગ એ ભગવદાસક્તિ થકી ભગવદર્થ કરવો જોઈએ તેમ નહીં જાણીને ત્યાગ એ) દુઃખરૂપ (લૌકિક રાજસ સુખમાં પ્રતિબન્ધ કરનાર) જ છે એમ જાણીને, (તે કર્મો ઘણા બધા આયાસથી જ સાધ્ય છે એમ) શરીરને ક્લેશ થવાના ભયથી જે કર્મને ત્યાગે છે તે-તેવા લોકો રાજસ ત્યાગને કરીને (મારી પ્રસન્નતારૂપ) ફલને નથી જ પ્રાપ્ત કરતા ॥ ૮ ॥

સાત્ત્વિક ત્યાગને કહે છે -

કાર્યમિત્યેવ યત્કર્મ નિયતં ક્રિયતેઽર્જુન ।
સઙ્ગં ત્યક્ત્વા ફલં ચૈવ સ ત્યાગઃ સાત્ત્વિકો મતઃ ॥ ૯ ॥

અન્વય	અર્થ
યત્ કર્મ	જે કર્મ
નિયતમ્	નિયત છે તે (ભક્તિના અંગરૂપમાં અને)
કાર્યમ્	(મારી આજ્ઞારૂપ હોઈ અવશ્ય કર્તવ્ય છે તેથી) કરવા જોઈએ
ઈતિ	એમ જાણીને
એવ	જ
સઙ્ગમ્	(તે કર્મમાં) કર્તાપણાના અભિમાનને
ચ	અને
ફલમ્	(તે કર્મથી ઉત્પન્ન થનાર સ્વર્ગાદિ સુખરૂપ) ફલને
ત્યક્ત્વા	ત્યાગીને (કર્મ કરે છે)
સઃ	તે (કર્મ કરીને પણ)
ત્યાગઃ	ત્યાગ
એવ	જ (છે અને તેવો ત્યાગ)
સાત્ત્વિકઃ	(મારી આજ્ઞા પાલનરૂપે કરવાથી અને તેમાં પોતાના અર્થેના ફલનો અભાવ હોવાથી) સાત્ત્વિક
મતઃ	માનેલો છે ॥ ૯ ॥

ભાવાર્થ – જે કર્મ નિયત છે તે (ભક્તિના અંગરૂપમાં અને) (મારી આજ્ઞારૂપ હોઈ અવશ્ય કર્તવ્ય છે તેથી) કરવા જોઈએ એમ જાણીને જ (તે કર્મમાં) કર્તાપણાના અભિમાનને અને (તે કર્મથી ઉત્પન્ન થનાર સ્વર્ગાદિ સુખરૂપ) ફલને ત્યાગીને (કર્મ કરે છે) તે (કર્મ કરીને પણ) ત્યાગ જ (છે અને તેવો ત્યાગ) (મારી આજ્ઞા પાલનરૂપે કરવાથી અને તેમાં પોતાના અર્થના ફલનો અભાવ હોવાથી) સાત્ત્વિક માનેલો છે ॥ ૯ ॥

જે લોકો કર્તાપણાનું અભિમાન અને સ્વર્ગાદિ સુખરૂપ ફલ બન્નેને ત્યાગીને કર્મ કરે છે તે કર્મની ત્યાગરૂપતા અને ફલરૂપતા કેવી રીતે સમ્પન્ન થાય છે એવી શંકાના સમાધાનમાં કહે છે -

ન દ્વેષ્ટ્યકુશલં કર્મ કુશલે નાનુષજ્જતે ।
ત્યાગી સત્ત્વસમાવિષ્ટો મેધાવી છિન્નસંશયઃ ॥ ૧૦ ॥

અન્વય	અર્થ
અકુશલમ્	(સ્વરૂપથી ક્લેશ વગેરેને સાધનાર અને પછીથી દુઃખને આપનાર તેવા) અકુશલ
કર્મ	કર્મથી
દ્વેષ્ટિ	દ્વેષ કરતો
ન	નથી (પરન્તુ એ કર્મ ભગવદાજ્ઞારૂપ છે એમ માની કરે છે અને)
કુશલે	(જેનાથી સ્વર્ગાદિ સુખરૂપ ફળ થાય છે તેવા) કુશલ કર્મમાં (તેવા કર્મથી થનાર સ્વર્ગાદિ સુખરૂપ ફળ મારી આજ્ઞાથી નહીં હોવાથી તેવાં કર્મ કરીને અને તેનાથી સુખ અનુભવીને પણ તેમાં)
અનુષજ્જતે	આસક્ત થતો
ન	નથી

સઃ	તે
સત્ત્વ-સમાવિષ્ટઃ	સત્ત્વરૂપ ધૈર્યવાળો,
મેધાવી	બુદ્ધિમાન્
છિન્ન સંશયઃ	જેનાં સર્વ સંશયો દૂર થઈ ગયા છે અને તેને
ત્યાગી	(મારી ઈચ્છાને અનુરૂપ કર્મ કરવામાં સુખનો અને તેથી વિપરીત કર્મ કરવામાં દુઃખનો અનુભવ કરનારો હોવાથી કર્મમાં દ્વેષ-આસક્તિવાળો નહીં હોવાથી) ત્યાગી-ત્યાગ કરેલો (જાણવો) ॥ ૧૦ ॥

ભાવાર્થ – (સ્વરૂપથી ક્લેશ વગેરેને સાધનાર અને પછીથી દુઃખને આપનાર તેવા) અકુશલ કર્મથી દ્વેષ કરતો નથી (પરન્તુ એ કર્મ ભગવદાજ્ઞારૂપ છે એમ માની કરે છે અને) (જેનાથી સ્વર્ગાદિ સુખરૂપ ફળ થાય છે તેવા) કુશલ કર્મમાં (તેવા કર્મથી થનાર સ્વર્ગાદિ સુખરૂપ ફળ મારી આજ્ઞાથી નહીં હોવાથી તેવા કર્મ કરીને અને તેનાથી સુખ અનુભવીને પણ તેમાં) આસક્ત થતો નથી તે સત્ત્વરૂપ ધૈર્યવાળો, બુદ્ધિમાન્ જેનાં સર્વ સંશયો દૂર થઈ ગયા છે અને તેને (મારી ઈચ્છાને અનુરૂપ કર્મ કરવામાં સુખનો અને તેથી વિપરીત કર્મ કરવામાં દુઃખનો અનુભવ કરનારો હોવાથી કર્મમાં દ્વેષ-આસક્તિવાળો નહીં હોવાથી) ત્યાગી-ત્યાગ કરેલો (જાણવો) ॥ ૧૦ ॥

કર્મના ફલને ત્યાગીને પણ તે કર્મ કરવાનું શું પ્રયોજન ? તે કહે છે -

ન હિ દેહભૃતા શક્યં ત્યક્તું કર્માણ્યશેષતઃ
યસ્તુ કર્મફલત્યાગી સ ત્યાગીત્યભિધીયતે ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
હિ	(તે ત્યાગી છે એ વાત બરાબર જ છે) કારણ કે

દેહભૃતા	દેહને ધારણ કરેલાઓ વડે (દેહાધ્યાસ એટલે અવસ્તુમાં વસ્તુનો આરોપ કરવો તે દેહાધ્યાસવાળાઓ વડે)
કર્માણિ	કર્મોને
અશેષતઃ	(જેમાં કોઇ કર્મ બાકી નથી રહ્યું તેવા) અશેષ પ્રકારે
ત્યક્તુમ્	ત્યાગવું
શક્યમ્	શક્ય
ન	નથી (કારણ કે દેહાધ્યાસ હોવાથી જ ફલાપેક્ષા અને લોકાપેક્ષા હોય છે)
તુ	અને
યઃ	જે (કર્મ કરીને પણ)
કર્મફલત્યાગી	કરાયેલા કર્મના ફલની અભિલાષા નહીં રાખનારો છે
સઃ	તે (તેને)
ત્યાગી	ત્યાગી છે
ઈતિ	એમ
અભિધીયતે	કહેવામાં આવે છે ।। ૧૧ ।।

ભાવાર્થ – (તે ત્યાગી છે એ વાત બરાબર જ છે) કારણ કે દેહને ધારણ કરેલાઓ વડે (દેહાધ્યાસ એટલે અવસ્તુમાં વસ્તુનો આરોપ કરવો તે દેહાધ્યાસવાળાઓ વડે) કર્મોને (જેમાં કોઇ કર્મ બાકી નથી રહ્યું તેવા) અશેષ પ્રકારે ત્યાગવું શક્ય નથી (કારણ કે દેહાધ્યાસ હોવાથી જ ફલાપેક્ષા અને લોકાપેક્ષા હોય છે) અને જે (કર્મ કરીને પણ) કરાયેલા કર્મના ફલની અભિલાષા નહીં રાખનારો છે તે (તેને) ત્યાગી છે એમ કહેવામાં આવે છે ।। ૧૧ ।।

કર્મફલને ત્યાગનારાઓ ત્યાગી છે એમ જણાવીને હવે કર્મફલત્યાગને જણાવે છે -

અનિષ્ટમિષ્ટં મિશ્રં ચ ત્રિવિધં કર્મણઃ ફલમ્ ।
ભવત્યત્યાગિનાં પ્રેત્ય ન તુ સન્ન્યાસિનાં ક્વચિત્ ।। ૧૨ ।।

અન્વય	અર્થ
કર્મણઃ	(જે કંઈ કરવામાં આવે છે તે) કર્મનું
ફલમ્	ફલ
ત્રિવિધમ્	ત્રણ પ્રકારનું છે,
અનિષ્ટમ્	(નારકી યા ડુકકર વગેરે યોનિ પ્રાપ્તિથી યાતનારૂપ) અનભિલષિત,
ઈષ્ટમ્	(બીજું દેવભાવે સ્વર્ગાદિ સુખરૂપ) અભિલષિત
ચ	અને
મિશ્રમ્	(ત્રીજું મનુષ્યજન્મ અને તેમાં રાજ્યાદિ ભોગરૂપ જન્મ-મરણ એ દુઃખરૂપ અને રાજ્યાદિભોગ એ સુખરૂપ એમ સુખ-દુઃખના મિશ્રણવાળું) મિશ્ર
અત્યાગિનામ્	(આ ત્રણે ફળ) કર્મ કરીને કર્મ ફળને નહીં ત્યાગનારાઓને
પ્રેત્ય	મરણ પશ્ચાત્ બીજા લોકમાં
ભવતિ	થાય છે,
ન તુ	નહીં કે
સન્ન્યાસિનામ્	કર્મફલને ત્યાગનારાઓને (કર્મનાં આ ત્રણ ફળ)
ક્વચિત્	ક્યારેય થાય છે ।। ૧૨ ।।

ભાવાર્થ – (જે કંઈ કરવામાં આવે છે તે) કર્મનું ફલ ત્રણ પ્રકારનું છે, (નારકી યા ડુક્કર વગેરે યોનિ પ્રાપ્તિથી યાતનારૂપ) અનભિલષિત, (બીજું દેવભાવે સ્વર્ગાદિ સુખરૂપ) અભિલષિત અને (ત્રીજું મનુષ્યજન્મ અને તેમાં રાજ્યાદિ ભોગરૂપ જન્મ-મરણ એ દુઃખરૂપ અને રાજ્યાદિભોગ એ સુખરૂપ એમ સુખ-દુઃખના મિશ્રણવાળું) મિશ્ર (આ ત્રણે ફળ) કર્મ કરીને કર્મ ફળને નહીં ત્યાગનારાઓને મરણ પશ્ચાત્ બીજા લોકમાં થાય છે, નહીં કે કર્મફલને ત્યાગનારાઓને (કર્મના આ ત્રણ ફળ) ક્યારેય થાય છે ॥ ૧ ૨ ॥

ભલે કર્મમાં આસક્તિ અને ફલ ત્યાગવામાં આવે, તેમ છતાં પણ કર્મ કરનારને તો ફલ અવશ્ય થશે જ, ભોજન કર્મ કરાતાં તૃપ્તિરૂપ ફલ થશે જ અને કોઈ રોગના ઉપચારમાં ઔષધરૂપમાં નશીલા દ્રવ્યને લેતાં ઉન્માદ-નશો ચડશે જ, તેથી ત્યાગવાથી ફલ કેમ નહીં થાય ? તો કહે છે -

પઞ્ચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે ।
સાંખ્યે કૃતાન્તે પ્રોક્તાનિ સિદ્ધયે સર્વકર્મણામ્ ॥ ૧૩ ॥

અન્વય	અર્થ
મહાબાહો	હે ફલ ત્યાગરૂપી ક્રિયા કરવા સમર્થ અર્જુન !
સર્વકર્મણામ્	સર્વ કર્મોના
સિદ્ધયે	ફલની ઉપલબ્ધિ થવામાં
સાંખ્યે	ત્યાગ-અત્યાગનો નિર્ણય કરનાર
કૃતાન્તે	(કરાયેલાં કર્મોનો જ્યાં અન્ત-સમાપ્તિ છે તેવા) કૃતાન્ત એટલે કે વેદાન્તમાં
એતાનિ	આ
પઞ્ચ	પાંચ
કારણાનિ	કારણો
પ્રોક્તાનિ	પ્રકર્ષે કહેવાયા છે (તે પાંચ કારણો)
મે	મારાથી
નિબોધ	જાણ (અથવા સાંભળ) ॥ ૧ ૩ ॥

ભાવાર્થ – હે ફલ ત્યાગરૂપી ક્રિયા કરવા સમર્થ અર્જુન ! સર્વ કર્મોના ફલની ઉપલબ્ધિ થવામાં ત્યાગ-અત્યાગનો નિર્ણય કરનાર (કરાયેલાં કર્મોનો જ્યાં અન્ત-સમાપ્તિ છે તેવા) કૃતાન્ત એટલે કે વેદાન્તમાં આ પાંચ કારણો પ્રકર્ષે કહેવાયા છે (તે પાંચ કારણો) મારાથી જાણ (અથવા સાંભળ) ॥ ૧ ૩ ॥

અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્ ।
વિવિધાશ્ચ પૃથક્ચેષ્ટા દૈવં ચૈવાત્ર પઞ્ચમમ્ ॥ ૧૪ ॥

અન્વય	અર્થ
અધિષ્ઠાનમ્	(૧) લિંગ શરીર,
તથા	તેમજ
કર્તા	(૨) કર્તાપણાના અભિમાનરૂપ અહંકાર,
ચ	અને (પોતાના આધિદૈવિકસહિત)
પૃથગ્વિધમ્	(૩) અનેક પ્રકારોવાળી
કરણમ્	ઈન્દ્રિયો
ચ	અને (પોતાના આધિદૈવિક સહિત)
વિવિધાઃ	(૪) (કાર્ય-કારણ-ફલરૂપે) અનેક પ્રકારના
પૃથક્	એકબીજાથી જુદા-ભિન્નરૂપવાળા પ્રાણ વગેરેનો
ચેષ્ટા	વ્યાપાર
ચ	અને

અત્ર	અહીં (આ ચારેના મધ્યે)
દૈવમ્	(૫) અન્તર્યામી
એવ	જ (મુખ્યરૂપમાં)
પઞ્ચમમ્	પાંચમું કારણ છે (અન્તર્યામીના અવિરોધે જ બાકીનાં ચાર કારણો છે) ॥ ૧૪ ॥

ભાવાર્થ – (૧) લિંગ શરીર, તેમજ (૨) કર્તાપણાના અભિમાનરૂપ અહંકાર, અને (પોતાના આધિદૈવિકસહિત) (૩) અનેક પ્રકારોવાળી ઈન્દ્રિયો અને (પોતાના આધિદૈવિક સહિત) (૪) (કાર્ય-કારણ-ફલરૂપે) અનેક પ્રકારના એકબીજાથી જુદા-ભિન્નરૂપવાળા પ્રાણ વગેરેનો વ્યાપાર અને અહીં (આ ચારેના મધ્યે) (૫) અન્તર્યામી જ (મુખ્યરૂપમાં) પાંચમું કારણ છે (અન્તર્યામીના અવિરોધે જ બાકીનાં ચાર કારણો છે) ॥ ૧૪॥

આ પાંચ જ સર્વ કર્મોમાં હેતુરૂપ છે તે કહે છે -

શરીર-વાઙ્-મનોભિર્યત્ કર્મ પ્રારભતે નરઃ ।
ન્યાય્યં વા વિપરીતં વા પઞ્ચૈતે તસ્ય હેતવઃ ॥ ૧૫ ॥

અન્વય	અર્થ
શરીર-વાઙ્ મનોભિઃ	(કર્મ ત્રાણ પ્રકારે થાય છે (૧) શરીરથી થનારું કર્મ, (૨) વાણીથી થનારું કર્મ અને (૩) મનથી થનારું કર્મ અતઃ) શરીર-વાણી-મન વડે
નરઃ	મનુષ્ય
ન્યાય્યમ્	(મારી આજ્ઞાથી મારી ઈચ્છારૂપ) વેદોક્ત
વા	અથવા
વિપરીતમ્	(પોતે ફલ ભોગવવા અર્થે અન્યાય્યરૂપ) તેથી વિપરીત
વા	પણ

યત્ કર્મ	જે કર્મ
પ્રારભતે	પ્રારંભ કરે છે
તસ્ય	તેના
એતે	આ (પૂર્વ શ્લોકમાં કહેવાયેલા)
પઞ્ચ	પાંચ (જ)
હેતવઃ	હેતુઓ-કારણ છે (અહીં વિકલ્પ વાચક વા શબ્દ બે વખત પ્રયોજિત હોવાથી મારી ઈચ્છાની જાણકારી વિના જે ન્યાય્ય-વેદોક્ત કર્મો અવશ્ય કર્તવ્યરૂપ હોઈને પણ વિપરીત છે અને ભગવદિચ્છાની જાણકારી હોતાં તેવા વિપરીત કર્મ પણ ન્યાય્ય છે એમ જણાવ્યું છે) ॥ ૧૫ ॥

ભાવાર્થ – (કર્મ ત્રાણ પ્રકારે થાય છે (૧) શરીરથી થનારું કર્મ, (૨) વાણીથી થનારું કર્મ અને (૩) મનથી થનારું કર્મ અતઃ) શરીર-વાણી-મન વડે મનુષ્ય (મારી આજ્ઞાથી મારી ઈચ્છારૂપ) વેદોક્ત અથવા (પોતે ફલ ભોગવવા અર્થે અન્યાય્યરૂપ) તેથી વિપરીત પણ જે કર્મ પ્રારંભ કરે છે તેના આ (પૂર્વ શ્લોકમાં કહેવાયેલા) પાંચ (જ) હેતુઓ-કારણ છે (અહીં વિકલ્પવાચક વા શબ્દ બે વખત પ્રયોજિત હોવાથી મારી ઈચ્છાની જાણકારી વિના જે ન્યાય્ય-વેદોક્ત કર્મો અવશ્ય કર્તવ્યરૂપ હોઈને પણ વિપરીત છે અને ભગવદિચ્છાની જાણકારી હોતાં તેવા વિપરીત કર્મ પણ ન્યાય્ય છે એમ જણાવ્યું છે) ॥ ૧૫ ॥

તત્રૈવં સતિ કર્તારમાત્માનં કેવલં તુ યઃ ।
પશ્યત્યકૃતબુદ્ધિત્વાન્ન સ પશ્યતિ દુર્મતિઃ ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
તત્ર	ત્યાં (સર્વકર્મમાં)
એવં સતિ	(મારાથી પ્રેરિત પાંચ કારણો છે) એમ હોઈને પણ

યઃ	જે મનુષ્ય
દુર્મતિઃ	દુર્બુદ્ધિવાળો-મૂઢ
અકૃતબુદ્ધિ-ત્વાત્	ગુરુ પાસેથી ઉપદેશ ગ્રહણ નહીં કરેલો-વિવેક શૂન્ય હોવાથી
કેવલમ્	ફક્ત એક
આત્માનમ્	પોતાને-જીવને જ
કર્તારમ્	(અકર્તા હોઈને પણ) કર્મના કર્તારૂપમાં
પશ્યતિ	(મૂઢતાપૂર્વક) જુએ છે
સઃ	તે (આત્મા-અન્તર્યામીને અને મને)
ન	નથી
પશ્યતિ	જોતો (આ પ્રમાણે-અહીં કહ્યા મુજબ જે કર્મ કરે છે તેને તે ફલ થાય છે એમ ભાવ છે) ॥ ૧૬ ॥

ભાવાર્થ – ત્યાં (સર્વકર્મમાં) (મારાથી પ્રેરિત પાંચ કારણો છે) એમ હોઈને પણ જે મનુષ્ય દુર્બુદ્ધિવાળો-મૂઢ ગુરુ પાસેથી ઉપદેશ ગ્રહણ નહીં કરેલો-વિવેક શૂન્ય હોવાથી ફક્ત એક પોતાને-જીવને જ (અકર્તા હોઈને પણ) કર્મના કર્તારૂપમાં (મૂઢતાપૂર્વક) જુએ છે તે (આત્મા-અન્તર્યામીને અને મને) નથી જોતો (આ પ્રમાણે-અહીં કહ્યા મુજબ જે કર્મ કરે છે તેને તે ફલ થાય છે એમ ભાવ છે) ॥ ૧૬ ॥

હવે ગુરુના ઉપદેશથી વિવેક બુદ્ધિવાળાને મારી આજ્ઞારૂપ અવશ્યકર્તવ્ય કર્મ કરનાર અને જે મારી ઈચ્છાને અનુરૂપ જ કર્મ કરે છે તેવા અહંકાર રહિત પુરુષને કર્મના ફલનો અભાવ હોય છે એમ કૈમુતિકન્યાયે જણાવે છે-

યસ્ય નાહંકૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે ।
હત્વાऽપિ સ ઈમાઁલ્લોકાન્ન હન્તિ ન નિબધ્યતે ॥ ૧૭ ॥

અન્વય	અર્થ
અહંકૃતો	હું કર્તા છું તેવો (મિથ્યા અભિનિવેશરૂપ)
ભાવઃ	ભાવ
યસ્ય	જેને
ન	નથી (અને)
યસ્ય	જેની
બુદ્ધિઃ	બુદ્ધિ (મારી ઈચ્છાથી જણાતાં સુખ-દુઃખરૂપ ફલમાં કરાયેલાં કર્મથી ઉત્પન્ન જ્ઞાનથી)
લિપ્યતે	લેપાતી-જકડાતી
ન	નથી
સઃ	તે
ઈમાન્	આ બધા
લોકાન્	(આસુરી) લોકોને
હત્ત્વા	(મારી ઈચ્છાથી) હણીને પણ (લોકો વડે આ હણનાર છે એમ જોવાઈને)
અપિ	પણ
હન્તિ	હણતો
ન	નથી (કિન્તુ મારી ઈચ્છાથી જ તે હણે છે)
નિબધ્યતે	(તેથી જ તે તેવું કર્મ કરીને પણ) બન્ધનને પ્રાપ્ત થતો
ન	નથી ॥ ૧૭ ॥

ભાવાર્થ – હું કર્તા છું તેવો (મિથ્યા અભિનિવેશરૂપ) ભાવ જેને નથી

(અને) જેની બુદ્ધિ (મારી ઈચ્છાથી જણાતાં સુખ-દુઃખરૂપ ફલમાં કરાયેલાં કર્મથી ઉત્પન્ન જ્ઞાનથી) લેપાતી-જકડાતી નથી તે આ બધા (આસુરી) લોકોને (મારી ઈચ્છાથી) હણીને પણ (લોકો વડે આ હણનાર છે એમ જોવાઈને) પણ હણતો નથી (કિન્તુ મારી ઈચ્છાથી જ તે હણે છે) (તેથી જ તે તેવું કર્મ કરીને પણ) બન્ધનને પ્રાપ્ત થતો નથી ॥ ૧૭ ॥

તેમજ કર્મપ્રેરણા પણ ત્રિગુણાત્મક છે અને તેનું ત્રિગુણાત્મક ફલ પણ ત્રણગુણોવાળા-સગુણકર્તાને જ થાય છે, જ્યારે નિર્ગુણો મારી આજ્ઞારૂપમાં જ ફલનું અનુસન્ધાન કર્યા વિના જ કરતા હોવાથી તેઓ તેવા ફલના અધિકારી નહીં હોવાથી પણ તેમને બન્ધન નથી તે કહે છે -

જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના ।
કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહઃ ॥ ૧૮ ॥

અન્વય	અર્થ
જ્ઞાનમ્	(૧) (ફલસ્વરૂપના અવબોધપૂર્વક આત્મા-અન્તર્યામીના અધીનપણાએ અવબોધ થવો એ) જ્ઞાન,
જ્ઞેયમ્	(૨) ફલને સાધનાર કર્મ (અને)
પરિજ્ઞાતા	(૩) જ્ઞાન-જ્ઞેય સ્વરૂપને જાણનાર તેનો આશ્રયભૂત જીવ
ત્રિવિધા	(ત્રણેને અધિકરણમાં રાખીને) ત્રણ પ્રકારની
કર્મચોદના	કર્મ પ્રેરણા છે (અને)
કરણમ્	(૧) સાધનાર-સાધક,
કર્મ	(૨) તે ફલને કરનારી ક્રિયા (અને)
કર્તા	(૩) તે ક્રિયામાં પ્રવૃત્તિ કરનારો,
ઈતિ	આ પ્રકારે
ત્રિવિધઃ	ત્રણ પ્રકારે

કર્મસંગ્રહઃ	(જેમાં કર્મનો સંગ્રહ છે તે) કર્મસંગ્રહ છે (કરણ-કર્મ-કર્તા ત્રણે પણ કારક-કરનાર છે, તેથી ક્રિયાના આશ્રય સ્વરૂપનો કર્મસંગ્રહ પણ ત્રણ પ્રકારનો છે - આમ જણાવી આમાં નિર્ગુણ અનધિકારી છે એમ જણાવ્યું છે) ॥ ૧૮ ॥

ભાવાર્થ – (૧) (ફલસ્વરૂપના અવબોધપૂર્વક આત્મા-અન્તર્યામીના અધીનપણાએ અવબોધ થવો એ) જ્ઞાન, (૨) ફલને સાધનાર કર્મ (અને) (૩) જ્ઞાન-જ્ઞેય સ્વરૂપને જાણનાર તેનો આશ્રયભૂત જીવ (ત્રણેને અધિકરણમાં રાખીને) ત્રણ પ્રકારની કર્મપ્રેરણા છે (અને) (૧) સાધનાર-સાધક, (૨) તે ફલને કરનારી ક્રિયા (અને) (૩) તે ક્રિયામાં પ્રવૃત્તિ કરનારો, આ પ્રકારે ત્રણ પ્રકારે (જેમાં કર્મનો સંગ્રહ છે તે) કર્મસંગ્રહ છે (કરણ-કર્મ-કર્તા ત્રણે પણ કારક-કરનાર છે, તેથી ક્રિયાના આશ્રય સ્વરૂપનો કર્મસંગ્રહ પણ ત્રણ પ્રકારનો છે - આમ જણાવી આમાં નિર્ગુણ અનધિકારી છે એમ જણાવ્યું છે) ॥ ૧૮ ॥

જ્ઞાન-કર્મ અને કર્તા એ ત્રણે પણ સાત્ત્વિક-રાજસ-તામસના ભેદે ત્રણ પ્રકારના છે તે કહે છે -

જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ ।
પ્રોચ્યન્તે ગુણસંખ્યાને યથાવચ્છૃણુ તાન્યપિ ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
જ્ઞાનમ્	જ્ઞાનરૂપ સાધન,
ચ	અને
કર્મ	ક્રિયારૂપ કર્મ
ચ	અને
કર્તા	ક્રિયા કરનાર પુરુષ (આ ત્રણે પણ)
ગુણભેદતઃ	સાત્ત્વિક-રાજસ-તામસ એમ ગુણભેદે

ત્રિધા	ત્રણ પ્રકારના
એવ	જ
ગુણસંખ્યાને	(કાર્યભેદે ગુણો નિરૂપણ કરવામાં અથવા ગણવામાં આવ્યા છે તેવા) સાંખ્યશાસ્ત્રમાં
પ્રોચ્યન્તે	(મારા દ્વારા) કહેવામાં આવ્યા છે
તાનિ	તેને
અપિ	પણ
યથાવત્	જેમ છે તે મુજબ (મારા કહ્યા મુજબ છે તેને પણ તું મારાથી)
શ્રૃણુ	સાંભળ ॥ ૧૯ ॥

ભાવાર્થ – જ્ઞાનરૂપ સાધન, અને ક્રિયારૂપ કર્મ અને ક્રિયા કરનાર પુરુષ (આ ત્રણે પણ) સાત્ત્વિક-રાજસ-તામસ એમ ગુણભેદે ત્રણ પ્રકારના જ (કાર્યભેદે ગુણો નિરૂપણ કરવામાં અથવા ગણવામાં આવ્યા છે તેવા) સાંખ્યશાસ્ત્રમાં (મારા દ્વારા) કહેવામાં આવ્યા છે તેને પણ જેમ છે તે મુજબ (મારા કહ્યા મુજબ છે તેને પણ તું મારાથી) સાંભળ ॥ ૧૯ ॥

પ્રથમ જ્ઞાનની ત્રિવિધતા ત્રણ શ્લોકથી જણાવે છે -

સર્વભૂતેષુ યેનૈકં ભાવમવ્યયમીક્ષતે ।
અવિભક્તં વિભક્તેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્ ॥ ૨૦ ॥

અન્વય	અર્થ
યેન	જેના વડે (જે જ્ઞાન વડે)
સર્વભૂતેષુ	(બ્રહ્માથી લઈને સ્થાવર પર્યન્તના) સર્વભૂતોમાં
વિભક્તેષુ	(વૈચિત્ર્યાર્થ અનેકરૂપે એકબીજાથી ભિન્ન રૂપમાં) વિભક્ત હોઈને પણ (તે બધામાં)

અવિભક્તમ્	વિભાગરહિત-અવિભક્ત
એકમ્	એક (જ)
અવ્યયમ્	જેનો વ્યય નથી તેવા નિર્વિકાર
ભાવમ્	(ભગવત્ ક્રીડારૂપ) ભાવને
ઈક્ષતે	આલોચનાત્મક રૂપમાં જુએ છે
તજ્	તે (તેવું)
જ્ઞાનમ્	જ્ઞાન
સાત્ત્વિકમ્	સાત્ત્વિક છે તેમ
વિદ્ધિ	જાણ ॥ ૨૦ ॥

ભાવાર્થ – જેના વડે (જે જ્ઞાન વડે) (બ્રહ્માથી લઈને સ્થાવર પર્યન્તના) સર્વભૂતોમાં (વૈચિત્ર્યાર્થ અનેકરૂપે એકબીજાથી ભિન્ન રૂપમાં) વિભક્ત હોઈને પણ (તે બધામાં) વિભાગરહિત-અવિભક્ત એક (જ) જેનો વ્યય નથી તેવા નિર્વિકાર (ભગવત્ ક્રીડારૂપ) ભાવને આલોચનાત્મક રૂપમાં જુએ છે તે (તેવું) જ્ઞાન સાત્ત્વિક છે તેમ જાણ ॥ ૨૦ ॥

રાજસ જ્ઞાનને કહે છે -

પૃથક્ત્વેન તુ યજ્જ્ઞાનં નાનાભાવાન્ પૃથગ્વિધાન્ ।
વેત્તિ સર્વેષુ ભૂતેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ રાજસમ્ ॥ ૨૧ ॥

અન્વય	અર્થ
તુ	પરન્તુ (જ્ઞાન એ સાત્ત્વિક હોવાથી અને અહીં કહેવાઈ રહેલ જ્ઞાન તેની શબ્દમાત્રથી જ સમાનતા હોવાથી -વાસ્તવમાં તે જ્ઞાન નથી એ જણાવવા અહીં ‘તુ’ શબ્દનો પ્રયોગ છે)
યદ્	જે

જ્ઞાનમ્	જ્ઞાન (વડે)
પૃથક્ત્વેન	જુદા-જુદાપણાએ
નાના	(ચિદ્ એક જ હોઇને પણ ક્રીડા અર્થે ભગવાન દ્વારા) અનેકરૂપોમાં પ્રકટ
પૃથગ્ વિધાન્	(સુખી-દુઃખી વગેરે તથા સ્ત્રી-પુરુષ-પશુ-પક્ષી-મનુષ્ય-તૃણ વગેરે) અનેક અભિલાષરૂપે રહેલા
ભાવાન્	જીવોને
સર્વેષુ	સર્વ
ભૂતેષુ	ભૂતો-પ્રાણિઓમાં (જુદાપણાએ)
વેત્તિ	જાણે છે-જુએ છે
તત્	તે (તેવું)
જ્ઞાનમ્	(વિક્ષિપ્ત માનસરૂપનું) જ્ઞાન
રાજસમ્	રાજસ છે (તેમ)
વિદ્ધિ	જાણ ॥ ૨૧ ॥

ભાવાર્થ – પરન્તુ (જ્ઞાન એ સાત્ત્વિક હોવાથી અને અહીં કહેવાઇ રહેલ જ્ઞાન તેની શબ્દ માત્રથી જ સમાનતા હોવાથી -વાસ્તવમાં તે જ્ઞાન નથી એ જણાવવા અહીં 'તુ' શબ્દનો પ્રયોગ છે) જે જ્ઞાન (વડે) જુદા-જુદાપણાએ (ચિદ્ એક જ હોઇને પણ ક્રીડા અર્થે ભગવાન દ્વારા) અનેકરૂપોમાં પ્રકટ (સુખી-દુઃખી વગેરે તથા સ્ત્રી-પુરુષ-પશુ-પક્ષી-મનુષ્ય-તૃણ વગેરે) અનેક અભિલાષરૂપે રહેલા જીવોને સર્વ ભૂતો-પ્રાણિઓમાં (જુદાપણાએ) જાણે છે-જુએ છે તે (તેવું) (વિક્ષિપ્ત માનસરૂપનું) જ્ઞાન રાજસ છે (તેમ) જાણ ॥ ૨૧ ॥

તામસ જ્ઞાનને કહે છે -

યત્ તુ કૃત્સ્નવદેકસ્મિન્ કાર્યે સક્તમહેતુકમ્ ।
અતત્ત્વાર્થવદલ્પં ચ તત્ તામસમુદાહૃતમ્ ॥ ૨૨ ॥

અન્વય	અર્થ
તુ	અને
યત્	જે જ્ઞાન
એકસ્મિન્	એક
કાર્યે	કાર્યમાં (કર્તવ્યમાં-કર્મમાં)
અહેતુકમ્	કે જેથી કોઇ પણ વિશેષ પ્રયોજન સિદ્ધ ન થઇ શકે તેવા
ચ	અને
અતત્ત્વાર્થવદ્	ભગવત્ સમ્બન્ધથી રહિત એવા (ભૂત-પ્રેત-ગણ વગેરેના આરાધનથી થનાર)
અલ્પમ્	અલ્પ ફળ જેનું છે તેમાં જ
કૃત્સ્નવત્	આજ સમ્પૂર્ણ છે - જે કંઇ છે તે આજ છે તેવું
તત્	તે જ્ઞાન
તામસમ્	(વિપરીત ફલ એવું) તામસ
ઉદાહૃતમ્	કહેવાય છે ॥ ૨૨ ॥

ભાવાર્થ – અને જે જ્ઞાન એક કાર્યમાં (કર્તવ્યમાં-કર્મમાં) કે જેથી કોઇ પણ વિશેષ પ્રયોજન સિદ્ધ ન થઇ શકે તેવા અને ભગવત્ સમ્બન્ધથી રહિત એવા (ભૂત-પ્રેત-ગણ વગેરેના આરાધનથી થનાર) અલ્પ ફળ જેનું છે તેમાં જ આજ સમ્પૂર્ણ છે - જે કંઇ છે તે આજ છે તેવું તે જ્ઞાન (વિપરીત ફલ એવું) તામસ કહેવાય છે ॥ ૨૨ ॥

આ પ્રમાણે જ્ઞાનસ્વરૂપને જણાવીને હવે કર્મના ત્રિવિધ સ્વરૂપને જણાવે છે -

નિયતં સંગરહિતં અરાગદ્વેષતઃ કૃતમ્ ।
અફલપ્રેપ્સુના કર્મ યત્ તત્ સાત્ત્વિકમુચ્યતે ॥ ૨૩ ॥

અન્વય	અર્થ
નિયતમ્	નિત્ય (જે નિત્ય કરવાનું હોય તે),
સંગરહિતમ્	અજ્ઞાન-આસક્તિરહિત,
અરાગદ્વેષતઃ	સાંસારિક અનુરાગ અને શત્રુમારણ વગેરે અર્થે દ્વેષથી રહિત એવું
અફલપ્રેપ્સુના	ફલની અનભિલાષાવાળા વડે (માત્ર ભગવત્તોષના હેતુથી)
કૃતમ્	કરાયેલું
યત્	જે
કર્મ	કર્મ
તત્	તે (કર્મ)
સાત્ત્વિકમ્	સાત્ત્વિક
ઉચ્યતે	કહેવાય છે ॥ ૨૩ ॥

ભાવાર્થ – નિત્ય (જે નિત્ય કરવાનું હોય તે), અજ્ઞાન-આસક્તિરહિત, સાંસારિક અનુરાગ અને શત્રુમારણ વગેરે અર્થે દ્વેષથી રહિત એવું ફલની અનભિલાષાવાળા વડે (માત્ર ભગવત્તોષના હેતુથી) કરાયેલું જે કર્મ તે (કર્મ) સાત્ત્વિક કહેવાય છે ॥ ૨૩ ॥

રાજસ કર્મને કહે છે -

યત્ તુ કામેપ્સુના કર્મ સાહંકારેણ વા પુનઃ ।
ક્રિયતે બહુલાયાસં તદ્રાજસમુદાહૃતમ્ ॥ ૨૪ ॥

અન્વય	અર્થ
તુ	વળી
યત્	જે
કર્મ	કર્મ
કામેપ્સુના	ફલપ્રાપ્તિની અભિલાષાવાળા વડે
વા	અથવા
સાહંકારેણ	(અભિલાષા ન હોય તો પણ લોકમાં પોતાનું મહત્ત્વ ખ્યાપન કરવા) અહંકારવાળા વડે
ક્રિયતે	કરવામાં આવે
પુનઃ	તથા (તેવું કર્મ)
બહુલાયાસં	અતિક્લેશયુક્ત-શરીરને ઘણું કષ્ટ આપીને ઘણા આયાસે (કરાયેલું હોય)
તત્	તે (તેવું કર્મ)
રાજસમ્	રાજસ
ઉદાહૃતમ્	કહેવાય છે ॥ ૨૪ ॥

ભાવાર્થ – વળી જે કર્મ ફલપ્રાપ્તિની અભિલાષાવાળા વડે અથવા (અભિલાષા ન હોય તો પણ લોકમાં પોતાનું મહત્ત્વ ખ્યાપન કરવા) અહંકારવાળા વડે કરવામાં આવે તથા (તેવું કર્મ) અતિક્લેશયુક્ત-શરીરને ઘણું કષ્ટ આપીને ઘણા આયાસે (કરાયેલું હોય) તે (તેવું કર્મ) રાજસ કહેવાય છે ॥ ૨૪ ॥

તામસ કર્મને કહે છે -

અનુબન્ધં ક્ષયં હિંસામનવેક્ષ્ય ચ પૌરુષમ્ ।
મોહાદારભ્યતે કર્મ યત્ તત્ તામસમુચ્યતે ॥ ૨૫॥

અન્વય	અર્થ
અનુબન્ધમ્	(‘અનુ’ એટલે કર્મ કર્યા પછીથી, ‘બન્ધ’ - તેનાથી ઉત્પન્ન થનાર શુભ-અશુભ ફલરૂપ) અનુબન્ધને
ક્ષયમ્	દેહાત્મક મોક્ષને અર્થે સાધનરૂપ વ્યય થવો (દેહાત્મક મોક્ષ એટલે દુઃખોનાં બન્ધનમાંથી દેહને મુક્ત થવું અથવા આ દેહને ત્યાગી પિતૃદેહ-દેવદેહ-ગન્ધર્વદેહ વગેરે પ્રાપ્તિને અર્થે સાધનરૂપમાં સમય-દ્રવ્ય-મન-બુદ્ધિ સામર્થ્ય વગેરેનો વ્યય એ ક્ષય છે) તેવા ક્ષયને,
હિંસામ્	પોતાને સંસારમાં પાડવારૂપ હિંસાને
ચ	અને (ધર્મને પણ તથા)
પૌરુષમ્	પુરુષાર્થરૂપ મોક્ષને
અનવેક્ષ્ય	નહીં જોઇને-નહીં વિચારીને
મોહાત્	મોહથી-પોતાને સુખ થશે તેવા ભ્રમથી
યત્	જે
કર્મ	કર્મ
આરભ્યતે	આરંભ કરવામાં આવે છે
તત્	તે (કર્મ)
તામસમ્	તામસ (વિપરીત ફલાત્મક)
ઉદાહૃતમ્	કહેવાય છે ॥ ૨૫ ॥

ભાવાર્થ – (‘અનુ’ એટલે કર્મ કર્યા પછીથી, ‘બન્ધ’ - તેનાથી ઉત્પન્ન થનાર શુભ-અશુભ ફલરૂપ) અનુબન્ધને દેહાત્મક મોક્ષને અર્થે સાધનરૂપ વ્યય થવો (દેહાત્મક મોક્ષ એટલે દુઃખોનાં બન્ધનમાંથી દેહને મુક્ત થવું અથવા આ દેહને ત્યાગી પિતૃદેહ-દેવદેહ-ગન્ધર્વદેહ વગેરે પ્રાપ્તિને અર્થે સાધનરૂપમાં સમય-દ્રવ્ય-મન-બુદ્ધિ સામર્થ્ય વગેરેનો વ્યય એ ક્ષય છે) તેવા ક્ષયને, પોતાને સંસારમાં પાડવારૂપ હિંસાને અને (ધર્મને પણ તથા) પુરુષાર્થરૂપ મોક્ષને નહીં જોઇને-નહીં વિચારીને મોહથી-પોતાને સુખ થશે તેવા ભ્રમથી જે કર્મ આરંભ કરવામાં આવે છે તે (કર્મ) તામસ (વિપરીત ફલાત્મક) કહેવાય છે ॥ ૨૫ ॥

કર્મનું નિરૂપણ કર્યા પછી હવે કર્તાની ત્રિવિધતા કહે છે -

મુક્તસંગોઽનહંવાદી ધૃત્યુત્સાહસમન્વિતઃ ।
સિદ્ધ્યસિદ્ધ્યોર્નિર્વિકારઃ કર્તા સાત્ત્વિક ઉચ્યતે ॥ ૨૬॥

અન્વય	અર્થ
મુક્તસંગઃ	આસક્તિ ત્યજેલો,
અનહંવાદી	અભિમાની ઉક્તિ-શબ્દોને નહીં બોલનારો,
ધૃતિ-	(દુઃખ વગેરે સહન કરવારૂપ) ધૈર્ય
ઉત્સાહ-	(આ ઉત્તમ છે એવા જ્ઞાનથી ઉદ્યમરૂપ) ઉત્સાહ (તે બન્નેથી)
સમન્વિતઃ	યુક્ત,
સિદ્ધ્ય-સિદ્ધ્યોઃ	કરાયેલાં કર્મના ફલ-અફલના
નિર્વિકારઃ	(હર્ષ-વિષાદરૂપ) વિકારોથી રહિત (એવો જે)
કર્તા	કર્તા છે (તે)

સાત્ત્વિકઃ	સાત્ત્વિક
ઉચ્યતે	કહેવાય છે ॥ ૨૬ ॥

ભાવાર્થ – આસક્તિ ત્યજેલો, અભિમાની ઉક્તિ-શબ્દોને નહીં બોલનારો, (દુઃખ વગેરે સહન કરવારૂપ) ધૈર્ય (આ ઉત્તમ છે એવા જ્ઞાનથી ઉદ્યમરૂપ) ઉત્સાહ (તે બન્નેથી) યુક્ત, કરાયેલાં કર્મના ફલ-અફલના (હર્ષ-વિષાદરૂપ) વિકારોથી રહિત (એવો જે) કર્તા છે (તે) સાત્ત્વિક કહેવાય છે ॥ ૨૬ ॥

રાજસ કર્તા જણાવે છે -

રાગી કર્મફલપ્રેપ્સુઃ લુબ્ધો હિંસાત્મકોડશુચિઃ ।
હર્ષ–શોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિતઃ ॥ ૨૭ ॥

અન્વય	અર્થ
રાગી	(આ મારા સમ્બન્ધી છે તેવા જ્ઞાનના ભ્રમ વડે તેના અર્થેના પ્રયત્ન થકી) લૌકિકમાં આસક્ત,
કર્મફલપ્રેપ્સુઃ	કર્મફલની અભિલાષામાં પ્રવૃત્તિવાળો,
લુબ્ધઃ	થોડું કર્મ કરીને ઘણું ફળ મળે છે તેમ વેદના પ્રમાણને વિશેષ પ્રકારે ધારણ કરવાથી થયેલી સર્વ અભિલાષાઓમાં પ્રવૃત્તિવાળો-લોભી,
હિંસાત્મકઃ	બીજાને પીડા પહોંચાડવાના સ્વભાવવાળો,
અશુચિઃ	સ્નાન-આચમન વગેરે શુદ્ધિ વિનાનો,
હર્ષ-શોકાન્વિતઃ	ફલની સિદ્ધિમાં હર્ષ અને અસિદ્ધિમાં શોક તેનાથી વીંટળાયેલો (એવો)
કર્તા	કર્તા
રાજસઃ	રાજસ (વિક્ષિપ્ત સ્વભાવવાળો)
પરિકીર્તિતઃ	કહેવાય છે ॥ ૨૭ ॥

ભાવાર્થ – (આ મારા સમ્બન્ધી છે તેવા જ્ઞાનના ભ્રમ વડે તેના અર્થેના પ્રયત્ન થકી) લૌકિકમાં આસક્ત, કર્મફલની અભિલાષામાં પ્રવૃત્તિવાળો, થોડું કર્મ કરીને ઘણું ફળ મળે છે તેમ વેદના પ્રમાણને વિશેષ પ્રકારે ધારણ કરવાથી થયેલી સર્વ અભિલાષાઓમાં પ્રવૃત્તિવાળો-લોભી, બીજાને પીડા પહોંચાડવાના સ્વભાવવાળો, સ્નાન-આચમન વગેરે શુદ્ધિ વિનાનો, ફલની સિદ્ધિમાં હર્ષ અને અસિદ્ધિમાં શોક તેનાથી વીંટળાયેલો (એવો) કર્તા રાજસ (વિક્ષિપ્ત સ્વભાવવાળો) કહેવાય છે ॥ ૨૭ ॥

તામસ કર્તા જણાવે છે -

અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃશઠો નૈષ્કૃતિકોડલસઃ ।
વિષાદી દીર્ઘસૂત્રી ચ કર્તા તામસ ઉચ્યતે ॥ ૨૮ ॥

અન્વય	અર્થ
અયુક્તઃ	પૂર્વ-અપર અનુસન્ધાન રહિત,
પ્રાકૃતઃ	(તામસ પ્રકૃતિના કારણે) સદ્ભાવ રહિત,
સ્તબ્ધઃ	અનમ્ર,
શઠઃ	ધૂર્ત,
નૈષ્કૃતિકઃ	સર્વનું અવમાન કરનારો અથવા સર્વથી અવમાન થાય તેવો,
અલસઃ	આળસુ-ઉદ્યમરહિત,
વિષાદી	નહીં કરવાનાં કામો વિચારનારો
ચ	અને
દીર્ઘસૂત્રી	થોડા સમયમાં થઈ શકે તેવાં કામોને ઘણાં લાંબા સમયમાં કરનારો (તેવો)

કર્તા	કર્તા
તામસ	તામસ
ઉચ્યતે	કહેવાય છે ॥ ૨૮ ॥

ભાવાર્થ – પૂર્વ-અપર અનુસન્ધાન રહિત, (તામસ પ્રકૃતિના કારણે) સદ્ભાવ રહિત, અનમ્ર, ધૂર્ત, સર્વનું અવમાન કરનારો અથવા સર્વથી અવમાન થાય તેવો, આળસુ-ઉદ્યમરહિત, નહીં કરવાનાં કામો વિચારનારો અને થોડા સમયમાં થઈ શકે તેવાં કામોને ઘણાં લાંબા સમયમાં કરનારો (તેવો) કર્તા તામસ કહેવાય છે ॥ ૨૮ ॥

ગીતા.૧૮-૧૮ માં 'જ્ઞાનં જ્ઞેયમ્' અહીં જ્ઞેય અને પરિજ્ઞાતાનો જે ઉલ્લેખ થયો છે તેમાં કર્તાના ત્રૈવિધ્ય વડે પરિજ્ઞાતાનું અને કર્મના ત્રૈવિધ્ય વડે જ્ઞેયનું ત્રૈવિધ્યનું નિરૂપણ સમજવાનું છે અને હવે કરણના નિરૂપણ અર્થે બુદ્ધિ અને ધૃતિના ત્રૈવિધ્યે નિરૂપણ કરે છે -

બુદ્ધેર્ભેદં ધૃતેશ્ચૈવ ગુણતસ્ત્રિવિધં શ્રુણુ ।
પ્રોચ્યમાનમશેષેણ પૃથક્ત્વેન ધનઞ્જય ॥ ૨૯॥

અન્વય	અર્થ
ધનઞ્જય	હે ધનંજય - અર્જુન !
બુદ્ધેઃ	(નિશ્ચયરૂપા) બુદ્ધિનો
ચ	અને
ધૃતેઃ	(ઈન્દ્રિયાત્મિકા) ધૃતિનો
અપિ	પણ
ગુણતઃ	ગુણો થકી
ત્રિવિધમ્	ત્રાણ પ્રકારના

ભેદમ્	ભેદને
અશેષેણ	સમ્પૂર્ણ રૂપમાં
પૃથક્ત્વેન	જુદાપણાએ
(મયા)	(મારા વડે)
પ્રોચ્યમાનમ્	કહેવાઈ રહેલને
શ્રુણુ	સાંભળ ॥ ૨૯ ॥

ભાવાર્થ – હે ધનંજય - અર્જુન ! (નિશ્ચયરૂપા) બુદ્ધિનો અને (ઈન્દ્રિયાત્મિકા) ધૃતિનો પણ ગુણો થકી ત્રાણ પ્રકારના ભેદને સમ્પૂર્ણ રૂપમાં જુદાપણાએ (મારા વડે) કહેવાઈ રહેલને સાંભળ ॥ ૨૯ ॥

બુદ્ધિની ત્રિવિધતાને કહે છે અને તેમાં પ્રથમ સાત્ત્વિકી બુદ્ધિને જણાવે છે -

પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે ।
બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥ ૩૦॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર અર્જુન !
પ્રવૃત્તિમ્	ભગવાન દ્વારા ઈંગિત ધર્મમાં પ્રવૃત્તિમાં
ચ	અને
નિવૃત્તિમ્	તેના અભાવમાં અધર્મમાં નિવૃત્તિમાં
ચ	તથા
કાર્ય-	સત્યનો વિરોધ કરનારા જ્યાં ન હોય તેવા દેશમાં ભગવાનનું ભજન કરવું એ કાર્યમાં (અને)
અકાર્યે	એવું જ્યાં ન હોય-જ્યાં સત્ વિરોધીઓ હોય ત્યાં

	ભગવાનના ભજનથી અતિરિક્ત બધું જ અકાર્ય તે અકાર્યમાં,
ભય	ભગવત્ સમ્બન્ધથી રહિત એવા સમ્બન્ધમાં ભગવદ્ વિસ્મરણાત્મક મૃત્યુરૂપ ભયમાં (અને)
અભયે	ભગવદ્ સમ્બન્ધરહિત એવા કોઈ વ્યક્તિ કે વસ્તુ સાથે સમ્બન્ધ ન હોવાથી ભગવદ્ વિસ્મરણાત્મક ભયના અભાવે અભયમાં (આ બધામાં)
યા	જે
બુદ્ધિઃ	બુદ્ધિ
બન્ધમ્	ભગવત્સેવાનો અંગભાવ જે કર્મમાં નથી તેવા કર્મમાં બન્ધને
ચ	અને
મોક્ષમ્	ભગવત્સેવારૂપ કર્મમાં મોક્ષને
વેત્તિ	જાણે છે
સા	તે
સાત્ત્વિકી	સાત્ત્વિકી (બુદ્ધિ) છે ॥ ૩૦ ॥

ભાવાર્થ – હે પૃથાપુત્ર અર્જુન ! ભગવાન દ્વારા ઈંગિત ધર્મમાં પ્રવૃત્તિમાં અને તેના અભાવમાં અધર્મમાં નિવૃત્તિમાં તથા સત્યનો વિરોધ કરનારા જ્યાં ન હોય તેવા દેશમાં ભગવાનનું ભજન કરવું એ કાર્યમાં (અને) એવું જ્યાં ન હોય-જ્યાં સત્ વિરોધીઓ હોય ત્યાં ભગવાનના ભજનથી અતિરિક્ત બધું જ અકાર્ય તે અકાર્યમાં, ભગવત્ સમ્બન્ધથી રહિત એવા સમ્બન્ધમાં ભગવદ્ વિસ્મરણાત્મક મૃત્યુરૂપ ભયમાં (અને) ભગવદ્ સમ્બન્ધરહિત એવા કોઈ વ્યક્તિ કે વસ્તુ સાથે સમ્બન્ધ ન હોવાથી ભગવદ્ વિસ્મરણાત્મક ભયના અભાવે અભયમાં (આ બધામાં) જે બુદ્ધિ ભગવત્સેવાનો અંગભાવ જે કર્મમાં નથી તેવા કર્મમાં બન્ધને અને ભગવત્સેવારૂપ કર્મમાં મોક્ષને જાણે છે તે સાત્ત્વિકી (બુદ્ધિ) છે ॥ ૩૦ ॥

રાજસી બુદ્ધિને કહે છે -

યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।
અયથાવત્ પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસી ॥ ૩૧ ॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર-અર્જુન !
યયા	જે (બુદ્ધિ)વડે
ધર્મમ્	ભગવદિચ્છારૂપ ધર્મને
ચ	અને
અધર્મમ્	ભગવાનની જેમાં અનિચ્છા છે તેવા અધર્મને
ચ	અને
કાર્યમ્	ભગવદ્ભજનરૂપ કાર્યને (તથા)
અકાર્યમ્	ભગવાનની સેવાથી અતિરિક્ત કર્મ-અકાર્યને
એવ	પણ
અયથાવત્	સન્દિગ્ધરૂપમાં અથવા અન્યથારૂપમાં
પ્રજાનાતિ	(જે બુદ્ધિ) જાણે છે
સા	તે (બુદ્ધિ)
રાજસી	રાજસી છે ॥ ૩૧ ॥

ભાવાર્થ – હે પૃથાપુત્ર-અર્જુન ! જે (બુદ્ધિ)વડે ભગવદિચ્છારૂપ ધર્મને અને ભગવાનની જેમાં અનિચ્છા છે તેવા અધર્મને અને ભગવદ્ભજનરૂપ કાર્યને (તથા) ભગવાનની સેવાથી અતિરિક્ત કર્મ-અકાર્યને પણ

સન્દિગ્ધરૂપમાં અથવા અન્યથારૂપમાં (જે બુદ્ધિ) જાણે છે તે (બુદ્ધિ) રાજસી છે ॥ ૩૧ ॥

તામસી બુદ્ધિને કહે છે -

અધર્મં ધર્મમિતિ યા મન્યતે તમસાઽઽવૃતા ।
સર્વાર્થાન્ વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ તામસી ॥ ૩૨ ॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર- અર્જુન !
યા	જે
તમસા	અજ્ઞાનથી
આવૃતા	આવૃત થયેલી (બુદ્ધિ)
અધર્મમ્	જે ભગવદિચ્છાને અનુરૂપ ન હોય તેવા અકર્તવ્યરૂપ અધર્મને
ધર્મમ્	ફલ આપનાર કર્તવ્યરૂપ ધર્મ છે એમ જે
મન્યતે	માને છે
ચ	અને
સર્વાર્થાન્	કાર્ય-અકાર્ય, ભય-અભય, ધર્મ-અધર્મ વગેરે અર્થોને
વિપરીતાન્	વિપરીતરૂપમાં-એટલે કે કાર્યને અકાર્ય અને અકાર્યને કાર્ય તેમજ ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ એમ માને છે
સા	તે (તેવી)
બુદ્ધિઃ	બુદ્ધિ
તામસી	તામસી છે ॥ ૩૨ ॥

ભાવાર્થ – હે પૃથાપુત્ર- અર્જુન ! જે અજ્ઞાનથી આવૃત થયેલી બુદ્ધિ) જે ભગવદિચ્છાને અનુરૂપ ન હોય તેવા અકર્તવ્યરૂપ અધર્મને ફલ આપનાર

કર્તવ્યરૂપ ધર્મ છે એમ જે માને છે અને કાર્ય-અકાર્ય, ભય-અભય, ધર્મ-અધર્મ વગેરે અર્થોને વિપરીતરૂપમાં-એટલે કે કાર્યને અકાર્ય અને અકાર્યને કાર્ય તેમજ ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ એમ માને છે તે (તેવી) બુદ્ધિ તામસી છે ॥ ૩૨ ॥

હવે આગળ ત્રણ શ્લોકો વડે ત્રણ પ્રકારની ધૃતિને જણાવે છે, તેમાં પ્રથમ સાત્ત્વિકી ધૃતિ કહે છે -

ધૃત્યા યયા ધારયતે મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ ।
યોગેનાવ્યભિચારિણ્યા ધૃતિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥ ૩૩ ॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર-અર્જુન !
યયા	જે
અવ્યભિચારિણ્યા	(ભગવદ્ વિષય સિવાયની બધી જ અભિલાષાઓથી રહિત) અવ્યભિચારિણી
ધૃત્યા	ધૃતિ વડે (ધૃતિ એટલે દેહ-ઈન્દ્રિય વગેરેને ધારણ કરવાનીક્રિયા યા શક્તિ)
યોગેન	મનની સર્વ આસક્તિની નિવૃત્તિપૂર્વક એકમાત્ર ભગવાનમાં પરાયણ ચિત્ત વડે
મનઃપ્રાણેન્દ્રિય ક્રિયાઃ	મનઃ -મનની ચંચલતારૂપ, પ્રાણ-પ્રાણની ક્ષુધાનો ઉદ્બોધ થવારૂપ અને ઈન્દ્રિય - ઈન્દ્રિયોથી વિષયોની અભિલાષારૂપ ક્રિયા-ક્રિયા
ધારયતે	ધારણ થાય છે (જે ધૃતિ આ ક્રિયાઓને આપનારી છે)
સા	તે
ધૃતિઃ	ધૃતિ

સાત્ત્વિકી	સાત્ત્વિકી છે ।। ૩૩ ।।

ભાવાર્થ – હે પૃથાપુત્ર-અર્જુન ! જે (ભગવદ્ વિષય સિવાયની બધી જ અભિલાષાઓથી રહિત) અવ્યભિચારિણી ધૃતિ વડે (ધૃતિ એટલે દેહ-ઈન્દ્રિય વગેરેને ધારણ કરવાનીક્રિયા યા શક્તિ) મનની સર્વ આસક્તિની નિવૃત્તિપૂર્વક એકમાત્ર ભગવાનમાં પરાયણ ચિત્ત વડે મનઃ -મનની ચંચલતારૂપ, પ્રાણ- પ્રાણની ક્ષુધાનો ઉદ્‌બોધ થવારૂપ અને ઈન્દ્રિય - ઈન્દ્રિયોથી વિષયોની અભિલાષા-રૂપ ક્રિયા-ક્રિયા ધારણ થાય છે (જે ધૃતિ આ ક્રિયાઓને આપનારી છે) તે ધૃતિ સાત્ત્વિકી છે ।। ૩૩ ।।

રાજસી ધૃતિને કહે છે -

યયા તુ ધર્મકામાર્થાન્ ધૃત્યા ધારયતેઽર્જુન ।
પ્રસંગેન ફલાકાંક્ષી ધૃતિઃ સા પાર્થ રાજસી ।। ૩૪ ।।

અન્વય	અર્થ
અર્જુન	(નામથી જ મુક્તિનો અધિકારી એવો) હે અર્જુન !
પાર્થ	હે પૃથાપુત્ર !
તુ	વળી
યયા	જે
ધૃત્યા	ધૃતિ વડે
ફલાકાંક્ષી	ફલની અભિલાષાથી યુક્ત થયેલો
પ્રસંગેન	ફલમાં અતિશય આસક્તિપૂર્વક (નહીં કે મારા ભજનમાં ઉપયોગીપણાએ) (ફલબુદ્ધિથીયુક્ત સાધનો વડે)
ધર્માર્થકામાન્	ધર્મ-અર્થ-કામ-એ ત્રિવર્ગને
ધારયતે	ધારણ કરે છે - પોષે છે
સા	તે

ધૃતિઃ	ધૃતિ
રાજસી	રાજસી છે ।। ૩૪ ।।

ભાવાર્થ – (નામથી જ મુક્તિનો અધિકારી એવો) હે અર્જુન ! હે પૃથાપુત્ર ! વળી જે ધૃતિ વડે ફલની અભિલાષાથી યુક્ત થયેલો ફલમાં અતિશય આસક્તિપૂર્વક (નહીં કે મારા ભજનમાં ઉપયોગીપણાએ) (ફલબુદ્ધિથીયુક્ત સાધનો વડે) ધર્મ-અર્થ-કામ-એ ત્રિવર્ગને ધારણ કરે છે - પોષે છે તે ધૃતિ રાજસી છે ।। ૩૪ ।।

તામસી ધૃતિને કહે છે -

યયા સ્વપ્નં ભયં શોકં વિષાદં મદમેવ ચ ।
ન વિમુઞ્ચતિ દુર્મેધા ધૃતિઃ સા પાર્થ તામસી ।। ૩૫ ।।

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર-અર્જુન !
યયા	જેના વડે (જે આગ્રહરૂપા ધૃતિ વડે)
દુર્મેધા	દુર્બુદ્ધિ
સ્વપ્નમ્	સ્વપ્નને (અને)
નિદ્રામ્	નિદ્રાને (આ બન્ને મોહરૂપને),
ભયમ્	(ભગવદિચ્છાના અજ્ઞાનના કારણે શત્રુઓ-ચોરો વગેરેનો અથવા મૃત્યુનો) ભય,
શોકમ્	ભગવત્ કૃત અર્થના અસમીચીન જ્ઞાનપૂર્વકનું ચિન્તન,
વિષાદમ્	વિશેષ પ્રકારે ખેદ,
મદમ્	પોતાના અજ્ઞાનરૂપ મદ
ચ	અને

એવ	(માંસાદિ ભક્ષણ) પણ
વિમુઞ્ચતિ	છોડતી
ન	નથી (વિશેષ પ્રકારે આ બધુ દોષરૂપ છે તેવા સદોષપણાના જ્ઞાનના અભાવપૂર્વક છોડતી નથી અને આ બધું જ ધારણ કરે છે)
સા	તે (તેવી)
ધૃતિઃ	ધૃતિ
તામસી	તામસી છે ॥ ૩૫ ॥

ભાવાર્થ – હે પૃથાપુત્ર-અર્જુન ! જેના વડે (જે આગ્રહરૂપા ધૃતિ વડે) દુર્બુદ્ધિ સ્વપ્નને અને નિદ્રાને (આ બન્ને મોહરૂપને), (ભગવદિચ્છાના અજ્ઞાનના કારણે શત્રુઓ-ચોરો વગેરેનો અથવા મૃત્યુનો) ભય, ભગવત્ કૃત અર્થના અસમીચીન જ્ઞાનપૂર્વકનું ચિન્તન, વિશેષ પ્રકારે ખેદ, પોતાના અજ્ઞાનરૂપ મદ અને (માંસાદિ ભક્ષણ) પણ છોડતી નથી (વિશેષ પ્રકારે આ બધું દોષરૂપ છે તેવા સદોષપણાના જ્ઞાનના અભાવપૂર્વક છોડતી નથી અને આ બધું જ ધારણ કરે છે) તે (તેવી) ધૃતિ તામસી છે ॥ ૩૫ ॥

ધૃતિને ત્રાણ પ્રકારે જણાવ્યા પછી તે ધૃતિનું સુખરૂપ ફલ થતું હોવાથી સુખને ત્રિવિધતાએ કહે છે -

સુખં ત્વિદાનીં ત્રિવિધં શ્રૃણુ મે ભરતર્ષભ ।
અભ્યાસાદ્રમતે યત્ર દુઃખાન્તંચ નિગચ્છતિ ॥ ૩૬ ॥
યત્તદગ્રે વિષમિવ પરિણામેડમૃતોપમમ્ ।
તત્સુખં સાત્ત્વિકં પ્રોક્તં આત્મબુદ્ધિપ્રસાદજમ્ ॥ ૩૭ ॥

અન્વય	અર્થ
ભરતર્ષભ	હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ-અર્જુન !

ઈદાનીમ્	(ધૃતિ જ્ઞાનના અન્તર હવે) હમણાં
સુખમ્	સુખને
તુ	પણ
ત્રિવિધમ્	ત્રિવિધતાએ
મે	મારાથી
શ્રૃણુ	સાંભળ,
અભ્યાસાત્	નિરન્તર અનુશીલન-અભ્યાસ કરવાથી
યત્ર	જેમાં
રમતે	આનન્દાનુભવને પ્રાપ્ત થાય છે (નહીં કે આપાતતઃ વિષય સુખની માફક ક્ષણમાત્ર માટેનો જ અનુભવ થાય છે)
ચ	અને (જેનું અનુશીલન-અભ્યાસ કરાતાં)
દુઃખાન્તમ્	દુઃખાન્ત-સંસારાન્તને
નિગચ્છતિ	સર્વથા પ્રાપ્ત થાય છે ॥ ૩૬ ॥
યત્ તત્	(વળી કહેવું અશક્ય છે અને જે અનુભવે જ જાણી શકાય તેવું) જે-તે
અગ્રે	પ્રથમ (આરંભમાં)
વિષમિવ	(લૌકિક સુખ પરિત્યાગ થવાથી પ્રાણત્યાગ સમાન) કડવા ઝેર જેવું લાગે છે (અને)
પરિણામે	સાધનાના ફલ પરિપાકની દશામાં
અમૃતોપમમ્	અતિમધુર અથવા મોક્ષ સમાન લાગતું
આત્મબુદ્ધિ-	આત્મસમ્બન્ધિની એટલે કે મારા અંશ સમ્બન્ધિની બુદ્ધિ
પ્રસાદજમ્	તેનો પ્રસાદ એટલે રજોગુણ-તમોગુણના વિકારથી

	રહિતતા પૂર્વકની શુદ્ધતા તેનાંથી ઉત્પન્ન થનારું જે સુખ
તત્	તે (તેવું)
સુખમ્	સુખ
સાત્ત્વિકમ્	(સત્ત્વ સમ્બન્ધથી થનારું) સાત્ત્વિક
પ્રોક્તમ્	(તેના જાણકારો દ્વારા) કહેવામાં આવ્યું છે ।। ૩૭ ।।

ભાવાર્થ –હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ-અર્જુન ! (ધૃતિ જ્ઞાનના અન્તર હવે) હમણાં સુખને પણ ત્રિવિધતાએ મારાથી સાંભળ, નિરન્તર અનુશીલન-અભ્યાસ કરવાથી જેમાં આનન્દાનુભવને પ્રાપ્ત થાય છે (નહીં કે આપાતતઃ વિષય સુખની માફક ક્ષણમાત્ર માટેનો જ અનુભવ થાય છે) અને (જેનું અનુશીલન-અભ્યાસ કરાતાં) દુઃખાન્ત-સંસારાન્તને સર્વથા પ્રાપ્ત થાય છે ।। ૩૬ ।। (વળી કહેવું અશક્ય છે અને જે અનુભવે જ જાણી શકાય તેવું) જે-તે પ્રથમ (આરંભમાં) (લૌકિક સુખ પરિત્યાગ થવાથી પ્રાણત્યાગ સમાન) કડવા ઝેર જેવું લાગે છે (અને) સાધનાના ફલ પરિપાકની દશામાં અતિમધુર અથવા મોક્ષ સમાન લાગતું આત્મસમ્બન્ધિની એટલે કે મારા અંશ સમ્બન્ધિની બુદ્ધિ તેનો પ્રસાદ એટલે રજોગુણ-તમોગુણના વિકારથી રહિતતા પૂર્વકની શુદ્ધતા તેનાંથી ઉત્પન્ન થનારું જે સુખ તે (તેવું) સુખ (સત્ત્વ સમ્બન્ધથી થનારું) સાત્ત્વિક (તેના જાણકારો દ્વારા) કહેવામાં આવ્યું છે ।। ૩૭ ।।

રાજસ સુખને કહે છે -

વિષયેન્દ્રિયસંયોગાદ્ યત્તદગ્રેડમૃતોપમમ્ ।
પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ।। ૩૮ ।।

અન્વય	અર્થ
યત્	જે

વિષયેન્દ્રિય-સંયોગાત્	શબ્દ-સ્પર્શાદિ વિષયો અને શ્રોત્ર-ત્વક્-ચક્ષુ વગેરે ઈન્દ્રિયોના સંયોગથી (થનારું)
તત્	તે (અતિપ્રસિદ્ધ પુષ્પ-ગન્ધ-વસ્ત્ર-આભરણ-સ્ત્રીસંગ વગેરે રૂપનું ભગવત્સમ્બન્ધથી રહિત એવું) સુખ
અગ્રે	પ્રથમ-આરંભમાં
અમૃતોપમમ્	અતિ મધુર-અતિમિષ્ટતમ લાગતું (અને)
પરિણામે	તેના પરિણામ રૂપ ફલદશામાં
વિષમિવ	ભગવાનનું વિસ્મરણ કરાવનારું હોવાથી ઝેરની માફક જીવન નાશ કરનારું (જે સુખ)
તત્	તે (તેવું)
સુખમ્	સુખ
રાજસમ્	રાજસ (નામે)
સ્મૃતમ્	પ્રસિદ્ધ છે ।। ૩૮ ।।

ભાવાર્થ – જે શબ્દ-સ્પર્શાદિ વિષયો અને શ્રોત્ર-ત્વક્-ચક્ષુ વગેરે ઈન્દ્રિયોના સંયોગથી (થનારું) તે (અતિપ્રસિદ્ધ પુષ્પ-ગન્ધ-વસ્ત્ર-આભરણ-સ્ત્રીસંગ વગેરે રૂપનું ભગવત્સમ્બન્ધથી રહિત એવું) સુખ પ્રથમ-આરંભમાં અતિ મધુર-અતિમિષ્ટતમ લાગતું (અને) તેના પરિણામ રૂપ ફલદશામાં ભગવાનનું વિસ્મરણ કરાવનારું હોવાથી ઝેરની માફક જીવન નાશ કરનારું (જે સુખ) તે (તેવું) સુખ રાજસ (નામે) પ્રસિદ્ધ છે ।। ૩૮ ।।

તામસ સુખને કહે છે -

યદગ્રે ચાનુબન્ધે ચ સુખં મોહનમાત્મનઃ ।
નિદ્રાલસ્યપ્રમાદોત્થં તત્ તામસમુદાહૃતમ્ ।। ૩૯ ।।

અન્વય	અર્થ
યત્	જે
અગ્રે	પ્રથમ-આરંભમાં
ચ	અને
અનુબન્ધે	પછીથી-પરિણામદશામાં
ચ	તેમજ
નિદ્રા	ઈન્દ્રિયોના અપટુપણામાં સુખ-દુઃખ અભાવ સ્વરૂપની આનન્દદશા સ્વરૂપની-નિદ્રા,
આલસ્ય	ક્રિયા કરવામાં શિથિલતાએ સ્થિતિ-આલસ્ય,
પ્રમાદ	સુખાભિમાન સ્વરૂપ-કર્તવ્ય-પૂજા-અધ્યયન-કર્મમાં અનવધાન રહી ચુપચાપ સ્થિતિ રૂપ જે અજ્ઞાન છે તેમાં આનન્દનો ભ્રમ (એવી સ્થિતિથી આનન્દ અનુભવવો) એ પ્રમાદ (એ બધાથી)
ઉત્થમ્	ઉત્પન્ન થનાર (અને)
આત્મનઃ	જીવને
મોહનમ્	મોહ કરનાર-ભગવદ્ વિસ્મરણ સ્વરૂપનું જે
સુખમ્	સુખ છે
તત્	તે
તામસમ્	તામસ-નિષ્ફલ (છે એમ)
ઉદાહૃતમ્	(જ્ઞાનીઓ વડે) કહેવામાં આવ્યું છે ।। ૩૯ ।।

ભાવાર્થ – જે પ્રથમ-આરંભમાં અને પછીથી-પરિણામદશામાં તેમજ ઈન્દ્રિયોના અપટુપણામાં સુખ-દુઃખ અભાવ સ્વરૂપની આનન્દદશા સ્વરૂપની-નિદ્રા, ક્રિયા કરવામાં શિથિલતાએ સ્થિતિ-આલસ્ય, સુખાભિમાન સ્વરૂપ-કર્તવ્ય-પૂજા-અધ્યયન-કર્મમાં અનવધાન રહી ચુપચાપ સ્થિતિ રૂપ જે અજ્ઞાન છે તેમાં આનન્દનો ભ્રમ (એવી સ્થિતિથી આનન્દ અનુભવવો) એ પ્રમાદ (એ બધાથી) ઉત્પન્ન થનાર (અને) જીવને મોહ કરનાર-ભગવદ્ વિસ્મરણ સ્વરૂપનું જે સુખ છે તે તામસ-નિષ્ફલ (છે એમ) (જ્ઞાનીઓ વડે) કહેવામાં આવ્યું છે ।। ૩૯ ।।

આ પ્રમાણે યજ્ઞ વગેરે સર્વની ત્રિવિધતા જણાવીને પણ હવે પોતાના સમ્બન્ધથી અતિરિક્ત સર્વની ત્રિગુણાત્મકતા છે એમ જણાવે છે

ન તદસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ ।
સત્ત્વં પ્રકૃતિજૈર્મુક્તં યદેભિઃસ્યાત્ ત્રિભિર્ગુણૈઃ ।। ૪૦ ।।

અન્વય	અર્થ
પુનઃ	વળી,
પૃથિવ્યામ્	પૃથ્વીમાં રહેલા મનુષ્યોમાં,
વા	યા (નાગલોકમાં અથવા)
દિવિ	દેવલોકમાં
વા	અથવા
દેવેષુ	દેવો-દેવતાઓમાં (વા શબ્દથી દેવો અને દેવલોકોમાં પણ ત્રિવિધતા છે એમ જણાવ્યું છે)
તત્	તે (તેવું કોઈ પણ)
સત્ત્વમ્	પ્રાણિમાત્ર (સ્થાવરાદિક યા અન્ય જે પણ હોય તે)
અસ્તિ	છે
ન	નહીં

યત્	જે
એભિઃ	આ
પ્રકૃતિજૈઃ	પ્રકૃતિથી ઉત્પન્ન
ત્રિભિઃ	(સાત્ત્વિક-રાજસ-તામસ એમ) ત્રણ
ગુણૈઃ	ગુણોથી
મુક્તમ્	રહિત
સ્યાત્	હોય ॥ ૪૦ ॥

ભાવાર્થ – વળી, પૃથ્વીમાં રહેલા મનુષ્યોમાં, યા (નાગલોકમાં અથવા) દેવલોકમાં અથવા દેવો-દેવતાઓમાં (વા શબ્દથી દેવો અને દેવલોકોમાં પણ ત્રિવિધતા છે એમ જણાવ્યું છે) તે (તેવું કોઈ પણ) પ્રાણિમાત્ર (સ્થાવરાદિક યા અન્ય જે પણ હોય તે) છે નહીં જે આ પ્રકૃતિથી ઉત્પન્ન (સાત્ત્વિક-રાજસ-તામસ એમ) ત્રણ ગુણોથી રહિત હોય ॥ ૪૦ ॥

જો બધું જ ત્રિગુણાત્મક જ છે તો પછી ગુણાત્મક જીવનો ત્રિગુણાત્મક બન્ધન કરનારી ક્રિયા વગેરે કરવાથી તેનો મોક્ષ કઈ રીતે ? તો શાસ્ત્ર દ્વારા ઉદ્ધાર કરવા શાસ્ત્ર સ્વરૂપના જ્ઞાનને કહે છે (પૂર્વ પ્રકરણનો ઉપસંહાર કરતાં હવે અહીંથી અધ્યાય સમાપ્તિ પર્યન્ત મોક્ષ પ્રકરણ કહે છે)

બ્રાહ્મણ-ક્ષત્રિય-વિશાં શૂદ્રાણાં ચ પરંતપ ।
કર્માણિ પ્રવિભક્તાનિ સ્વભાવપ્રભવૈર્ગુણૈઃ ॥ ૪૧ ॥

અન્વય	અર્થ
પરંતપ	પર-ઉત્કૃષ્ટ જેનું તપ છે એવા હે પરંતપ !
બ્રાહ્મણ-ક્ષત્રિય-વિશામ્	બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય એમ ત્રણ વર્ણના (જેમને વેદનો અધિકાર છે તેમના)

ચ	અને
શૂદ્રાણામ્	શૂદ્રોના (જેમને વેદનો અનધિકાર છે, તેથી તેમનો અલગથી નિર્દેશ છે)
કર્માણિ	કર્મો
સ્વભાવ	(સ્વ - એટલે મારી-ભગવાનની ભાવ - એટલે સાત્ત્વિક
પ્રભવૈઃ	વગેરે ભેદે જુદા-જુદા વિચિત્ર પ્રકારે જોવાની ઈચ્છા તે)
ગુણૈઃ	સ્વભાવથી જેની ઉત્પત્તિ છે તેના ગુણો વડે કરીને
પ્રવિભક્તાનિ	પ્રકર્ષે વિભક્ત કરાયેલા છે (તેવા વિભાગપૂર્વક સાત્ત્વિકાદિ ભેદે-બ્રાહ્મણ-સાત્ત્વિક, ક્ષત્રિયો-સાત્ત્વિક-રાજસ, વૈશ્યો-તામસ-રાજસ અને શૂદ્ર-તામસ વગેરેના કર્મો વિધાન થયેલા છે) ॥ ૪૧ ॥

ભાવાર્થ – પર-ઉત્કૃષ્ટ જેનું તપ છે એવા હે પરંતપ ! બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય એમ ત્રણ વર્ણના (જેમને વેદનો અધિકાર છે તેમના) અને શૂદ્રોના (જેમને વેદનો અનધિકાર છે, તેથી તેમનો અલગથી નિર્દેશ છે) કર્મો (સ્વ એટલે મારી-ભગવાનની ભાવ - એટલે સાત્ત્વિક વગેરે ભેદે જુદા-જુદા વિચિત્ર પ્રકારે જોવાની ઈચ્છા તે) સ્વભાવથી જેની ઉત્પત્તિ છે તેના ગુણો વડે કરીને પ્રકર્ષે વિભક્ત કરાયેલા છે (તેવા વિભાગપૂર્વક સાત્ત્વિકાદિ ભેદે-બ્રાહ્મણ-સાત્ત્વિક, ક્ષત્રિયો-સાત્ત્વિક-રાજસ, વૈશ્યો-તામસ-રાજસ અને શૂદ્ર-તામસ વગેરેના કર્મો વિધાન થયેલા છે) ॥ ૪૧ ॥

પ્રથમ બ્રાહ્મણોના સ્વાભાવિક કર્મને કહે છે -

શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ ।
જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મ સ્વભાવજમ્ ॥ ૪૨ ॥

અન્વય	અર્થ
શમઃ	શાન્તિ (એકમાત્ર મારામાં ચિત્તનું પરાયણ રહેવું),

દમઃ	ઈન્દ્રિયોનો સંયમ,
તપઃ	શરીરથી કષ્ટ સહન કરવા,
શૌચમ્	બાહ્ય-આન્તર બન્ને પ્રકારે શુદ્ધિ,
ક્ષાન્તિઃ	ક્ષમાભાવ,
આર્જવમ્	સરલતા
એવ ચ	(કુટિલોમાં પણ સરલતા) અને
જ્ઞાનમ્	શાસ્ત્રીય જ્ઞાન હોવું (અને)
વિજ્ઞાનમ્	તે જ્ઞાનનો અનુભવ હોવો,
આસ્તિક્યમ્	પ્રમાણોક્ત ફલના ઉત્કર્ષમાં ‘અસ્તિ’ એવી નિશ્ચય બુદ્ધિ હોવી (એમ)
બ્રહ્મકર્મ-સ્વભાવજમ્	બ્રાહ્મણોના સ્વભાવે ઉત્પન્ન થનારું કર્મ છે ॥ ૪૨ ॥

ભાવાર્થ – શાન્તિ (એકમાત્ર મારામાં ચિત્તનું પરાયણ રહેવું), ઈન્દ્રિયોનો સંયમ, શરીરથી કષ્ટ સહન કરવા, બાહ્ય-આન્તર બન્ને પ્રકારે શુદ્ધિ, ક્ષમાભાવ, સરલતા (કુટિલોમાં પણ સરલતા) અને શાસ્ત્રીય જ્ઞાન હોવું (અને) તે જ્ઞાનનો અનુભવ હોવો, પ્રમાણોક્ત ફલના ઉત્કર્ષમાં ‘અસ્તિ’ એવી નિશ્ચય બુદ્ધિ હોવી (એમ) બ્રાહ્મણોના સ્વભાવે ઉત્પન્ન થનારું કર્મ છે ॥ ૪૨ ॥

ક્ષત્ત્રિયના સ્વાભાવિક કર્મને કહે છે -

શૌર્યં તેજો ધૃતિર્દાક્ષ્યં યુદ્ધેચાપ્યપલાયનમ્ ।
દાનમીશ્વરભાવશ્ચ ક્ષત્ત્રકર્મ સ્વભાવજમ્ ॥ ૪૩ ॥

અન્વય	અર્થ
શૌર્યમ્	પરાક્રમ
તેજઃ	પ્રગલ્ભતા (સાહસી - ચતુર - દૃઢસંકલ્પ - કુશલ - અભિમાની),
ધૃતિઃ	ધૈર્ય,
દાક્ષ્ય	સર્વકર્મમાં કુશલ,
યુદ્ધે	યુદ્ધમાં
ચ	અને (દ્યૂત વગેરેમાં)
અપિ	સર્વત્ર પણ
અપલાયનમ્	અપરાઙ્મુખતા-ક્યાંય મોઢું નહીં સંતાડવું,
દાનમ્	દાનશીલતા-આપતા રહેવાની વૃત્તિ
ચ	અને
ઈશ્વરભાવઃ	નિયમન-શાસન કરવાનો સ્વભાવ (આ બધા)
ક્ષત્ત્રકર્મ-સ્વભાવજમ્	ક્ષત્ત્રિયોના સ્વભાવે ઉત્પન્ન થનારું કર્મ છે ॥ ૪૩ ॥

ભાવાર્થ – પરાક્રમ પ્રગલ્ભતા (સાહસી-ચતુર-દૃઢસંકલ્પ-કુશલ-અભિમાની), ધૈર્ય, સર્વકર્મમાં કુશલ, યુદ્ધમાં અને (દ્યૂત વગેરેમાં) સર્વત્ર પણ અપરાઙ્મુખતા-ક્યાંય મોઢું નહીં સંતાડવું, દાનશીલતા-આપતા રહેવાની વૃત્તિ અને નિયમન-શાસન કરવાનો સ્વભાવ (આ બધા) ક્ષત્ત્રિયોના સ્વભાવે ઉત્પન્ન થનારું કર્મ છે ॥ ૪૩ ॥

વૈશ્યના સ્વાભાવિક કર્મને કહે છે -

કૃષિ–ગૌરક્ષ્ય–વાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્ ।
પરિચર્યાત્મકં કર્મ શૂદ્રસ્યાપિ સ્વભાવજમ્ ॥ ૪૪॥

અન્વય	અર્થ
કૃષિ	ખેતી કરવી,
ગૌરક્ષ્ય	પશુઓનું પાલન કરવું,
વાણિજ્યમ્	લેવા-વેચવારૂપ વ્યાપાર કરવો
વૈશ્યકર્મ-સ્વભાવજમ્	વૈશ્યોના સ્વભાવે ઉત્પન્ન થનારું કર્મ છે.
	શૂદ્રના સ્વાભાવિક કર્મને કહે છે -
પરિચર્યાત્મકમ્	ત્રણે વર્ણની પરિચર્યા કરવારૂપ
કર્મ	કર્મ
શૂદ્રસ્ય	શૂદ્રના
અપિ	પણ (અથવા મારી પરિચર્યા કરવારૂપ કર્મ સર્વ ત્રણે વર્ણ અને ચોથા શુદ્રનું પણ)
સ્વભાવજમ્	સ્વભાવે ઉત્પન્ન થનારું કર્મ છે ॥ ૪૪ ॥

ભાવાર્થ – ખેતી કરવી, પશુઓનું પાલન કરવું, લેવા - વેચવારૂપ વ્યાપાર કરવો વૈશ્યોના સ્વભાવે ઉત્પન્ન થનારું કર્મ છે. શૂદ્રના સ્વાભાવિક કર્મને કહે છે - ત્રણે વર્ણની પરિચર્યા કરવારૂપ કર્મ શૂદ્રના પણ (અથવા મારી પરિચર્યા કરવારૂપ કર્મ સર્વ ત્રણે વર્ણ અને ચોથા શુદ્રનું પણ) સ્વભાવે ઉત્પન્ન થનારું કર્મ છે ॥ ૪૪ ॥

જે અર્થે કર્મનું નિરૂપણ થયું છે તે કહે છે -

સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ।
સ્વકર્મનિરતઃ સિદ્ધિં યથા વિન્દન્તિ તચ્છૃણુ ॥ ૪૫ ॥

અન્વય	અર્થ
સ્વે-સ્વે	(બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રના) પોતપોતાના
કર્મણિ	કર્મમાં
અભિરતઃ	અભિરત-પ્રીતિયુક્ત
નરઃ	મનુષ્ય
સંસિદ્ધિમ્	(મારી પ્રસન્નતારૂપ) સમ્યક્ સિદ્ધિને
લભતે	પ્રાપ્ત કરે છે,
સ્વકર્મનિરતઃ	પોતાના વિહિત કર્મમાં નિષ્ઠાવાળો
યથા	જે પ્રકારે
સિદ્ધિમ્	સિદ્ધિને
વિન્દતિ	જાણે છે અથવા પ્રાપ્ત કરે છે
તત્	તે પ્રકારને (તું)
શ્રૃણુ	સાંભળ ॥ ૪૫ ॥

ભાવાર્થ – (બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રના) પોતપોતાના કર્મમાં અભિરત-પ્રીતિયુક્ત મનુષ્ય (મારી પ્રસન્નતારૂપ) સમ્યક્ સિદ્ધિને પ્રાપ્ત કરે છે, પોતાના વિહિત કર્મમાં નિષ્ઠાવાળો જે પ્રકારે સિદ્ધિને જાણે છે અથવા પ્રાપ્ત કરે છે તે પ્રકારને (તું) સાંભળ ॥ ૪૫ ॥

યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।
સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ॥ ૪૬ ॥

અન્વય	અર્થ
યતઃ	જેનાથી (જે ભગવાનથી)
ભૂતાનામ્	પ્રાણિઓની

પ્રવૃત્તિઃ	ઉત્પત્તિ થાય છે, અથવા સર્વ કર્મમાં પ્રવૃત્તિ-એટલે પ્રકર્ષે વર્તન-અનુસરણ થાય છે,
યેન	જેના વડે કારણરૂપે
ઈદમ્	આ
સર્વમ્	સમ્પૂર્ણ વિશ્વમાત્ર
તતમ્	વ્યાપ્ત છે
તમ્	તે (ભગવાનને)
સ્વકર્મણા	સ્વ એટલે પોતાના-આત્માના આત્મકર્મ એવી ભક્તિ વડે
અભ્યર્ચ્ય	સારી રીતે પૂજીને-અર્ચીને
માનવઃ	સદ્ધર્મરૂપ મનુથી ઉત્પન્ન થયેલો માનવ
સિદ્ધિમ્	સિદ્ધિને
લભતે	પ્રાપ્ત કરે છે ।। ૪૬ ।।

ભાવાર્થ – જેનાથી (જે ભગવાનથી) પ્રાણિઓની ઉત્પત્તિ થાય છે, અથવા સર્વ કર્મમાં પ્રવૃત્તિ-એટલે પ્રકર્ષે વર્તન-અનુસરણ થાય છે, જેના વડે કારણરૂપે આ સમ્પૂર્ણ વિશ્વમાત્ર વ્યાપ્ત છે તે (ભગવાનને) સ્વ એટલે પોતાના-આત્માના આત્મકર્મ એવી ભક્તિ વડે સારી રીતે પૂજીને-અર્ચીને સદ્ધર્મરૂપ મનુથી ઉત્પન્ન થયેલો માનવ સિદ્ધિને પ્રાપ્ત કરે છે ।। ૪૬ ।।

પોતાના કર્મે અર્ચન-પૂજનમાં વિશેષને કહે છે -

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાડડપ્નોતિ કિલ્બિષમ્ ।। ૪૭।।

અન્વય	અર્થ
સ્વનુષ્ઠિતાત્	સારી રીતે જેનું અનુષ્ઠાન કરાયેલું છે તેવા
પરધર્માત્	પરધર્મ-બીજાના ધર્મ કરતાં (ભક્તિમાર્ગના અધિકારી માટે જ્ઞાનમાર્ગીય ધર્મો અને કર્મમાર્ગીય ધર્મો પરધર્મ છે)
વિગુણઃ	વિગુણ હોય તો પણ
સ્વધર્મઃ	સ્વધર્મ-પોતાનો ધર્મ
શ્રેયાન્	શ્રેષ્ઠ છે (કારણ કે)
સ્વભાવ-	સ્વભાવ એટલે શ્લોક-૪૧માં કહ્યા મુજબનો ભગવદ્‌ભાવ
નિયતમ્	તેના નિયમોમાં કહેવાયેલું-નિયત કરાયેલું
કર્મ	(બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરેનું)કર્મ
કુર્વન્	કરતાં (અન્ય ત્યાગજ એટલે કે ક્ષત્રિય હોઈ યુદ્ધમાં બીજાને મારવાની હિંસાથી અહિંસા ધર્મ ત્યાગ થવો વગેરે પ્રકારે ત્યાગ થતાં ઉત્પન્ન થનાર જે પાપ છે તે)
કિલ્બિષમ્	પાપને-દોષને
આપ્નોતિ	પ્રાપ્ત થતો
ન	નથી ।। ૪૭ ।।

ભાવાર્થ – સારી રીતે જેનું અનુષ્ઠાન કરાયેલું છે તેવા પરધર્મ-બીજાના ધર્મ કરતાં (ભક્તિમાર્ગના અધિકારી માટે જ્ઞાનમાર્ગીય ધર્મો અને કર્મમાર્ગીય ધર્મો પરધર્મ છે) વિગુણ હોય તો પણ સ્વધર્મ-પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે (કારણ કે) સ્વભાવ એટલે શ્લોક-૪૧માં કહ્યા મુજબનો ભગવદ્‌ભાવ તેના નિયમોમાં કહેવાયેલું-નિયત કરાયેલું (બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરેનું)કર્મ કરતાં (અન્ય ત્યાગજ એટલે કે ક્ષત્રિય હોઈ યુદ્ધમાં બીજાને મારવાની હિંસાથી અહિંસા ધર્મ ત્યાગ થવો વગેરે પ્રકારે ત્યાગ થતાં ઉત્પન્ન થનાર જે પાપ છે તે) પાપને-દોષને પ્રાપ્ત થતો નથી ।। ૪૭ ।।

વિગુણ હોય તો પણ ભગવદ્ધર્મ શ્રેષ્ઠ છે તેથી ભગવત્કર્મનો ત્યાગ

ન કરવો એમ કહે છે -

સહજં કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત્ ।
સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાડડવૃતાઃ ॥ ૪૮ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	હે કુન્તિપુત્ર-અર્જુન ! (સ્ત્રીપણાના દોષસહિતનો હોઈને પણ ભક્તગુણોથી અનુગૃહીત !)
સહજમ્	સ્વાભાવિક (સ્વભાવ અનુસારનું) ભગવત્ ક્રીડાની ઈચ્છાની સાથે ઉત્પન્ન થયેલું
કર્મ	કર્મ
સદોષમપિ	દોષસહિતનું-લૌકિક હોય તો પણ (તે કર્મ પ્રવૃત્તિ)
ત્યજેત્	ત્યાગવી
ન	નહીં (સિદ્ધિને પ્રાપ્ત કરાવનાર હોવાથી કરવી જ) (કારણ કે)
હિ	નિશ્ચય કરીને
સર્વારમ્ભાઃ	સર્વ કર્મો
ધૂમેન	ધૂમાડાથી
અગ્નિઃ	અગ્નિની
ઈવ	માફક
દોષેણ	દોષથી (મારા સમ્બન્ધના અભાવરૂપ ધૂમાડાથી)
આવૃતાઃ	આવૃત-વીંટળાયેલા છે (જેમ ધૂમાડાથી આવૃત અગ્નિ ભીનાશવાળા ઈંધનમાં અગ્નિ પ્રગટાવી શકતો નથી અને ન તે સુખસેવ્ય છે, પણ નિર્ધૂમ અગ્નિ જ તેથી વિપરીત છે, તેમ દરેક કર્મરૂપ અગ્નિ દોષરૂપ ધૂમાડાથી આવૃત છે જ્યારે મારા અર્થે મારી ઈચ્છાને અનુરૂપ કર્મ દોષરહિત હોવાથી તેવું કર્મ ત્યાગવું નહીં) ॥ ૪૮ ॥

ભાવાર્થ – હે કુન્તિપુત્ર-અર્જુન ! (સ્ત્રીપણાના દોષસહિતનો હોઈને પણ ભક્તગુણોથી અનુગૃહીત !) સ્વાભાવિક (સ્વભાવ અનુસારનું) ભગવત્ ક્રીડાની ઈચ્છાની સાથે ઉત્પન્ન થયેલું કર્મ દોષસહિતનું-લૌકિક હોય તો પણ (તે કર્મ પ્રવૃત્તિ) ત્યાગવી નહીં (સિદ્ધિને પ્રાપ્ત કરાવનાર હોવાથી કરવી જ) (કારણ કે) નિશ્ચય કરીને સર્વ કર્મો ધૂમાડાથી અગ્નિની માફક દોષથી (મારા સમ્બન્ધના અભાવરૂપ ધૂમાડાથી) આવૃત-વીંટળાયેલા છે (જેમ ધૂમાડાથી આવૃત અગ્નિ ભીનાશવાળા ઈંધનમાં અગ્નિ પ્રગટાવી શકતો નથી અને ન તે સુખસેવ્ય છે, પણ નિર્ધૂમ અગ્નિ જ તેથી વિપરીત છે, તેમ દરેક કર્મરૂપ અગ્નિ દોષરૂપ ધૂમાડાથી આવૃત છે જ્યારે મારા અર્થે મારી ઈચ્છાને અનુરૂપ કર્મ દોષરહિત હોવાથી તેવું કર્મ ત્યાગવું નહીં) ॥ ૪૮ ॥

અસક્તબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહઃ ।
નૈષ્કર્મ્યસિદ્ધિં પરમાં સન્ન્યાસેનાધિગચ્છતિ ॥ ૪૯ ॥

અન્વય	અર્થ
સર્વત્ર	સર્વ કર્મો વગેરેમાં
અસક્તબુદ્ધિઃ	જેની બુદ્ધિ આસક્ત નથી તેવો,
જિતાત્મા	જેણે પોતાનું અન્તઃકરણ વશમાં કરી રાખ્યું છે તેવો,
વિગતસ્પૃહઃ	સર્વ પ્રકારના ફલની અભિલાષાથી રહિત તેવો
સન્ન્યાસેન	આ પ્રકારના સન્ન્યાસ વડે
પરમામ્	પરમ-ઉત્કૃષ્ટ

નૈષ્કર્મ્ય-સિદ્ધિમ્	(કર્મનો અભાવ એટલે નિષ્કર્મ અને તેવા નિષ્કર્મનો ભાવ એ નૈષ્કર્મ્ય તેવી) કર્મ નિવૃત્તિ ફલરૂપા સિદ્ધિને
અધિગચ્છતિ	પ્રાપ્ત કરે છે ॥ ૪૯ ॥

ભાવાર્થ – સર્વ કર્મો વગેરેમાં જેની બુદ્ધિ આસક્ત નથી તેવો, જેણે પોતાનું અન્તઃકરણ વશમાં કરી રાખ્યું છે તેવો, સર્વ પ્રકારના ફલની અભિલાષાથી રહિત તેવો આ પ્રકારના સન્ન્યાસ વડે પરમ-ઉત્કૃષ્ટ (કર્મનો અભાવ એટલે નિષ્કર્મ અને તેવા નિષ્કર્મનો ભાવ એ નૈષ્કર્મ્ય તેવી) કર્મ નિવૃત્તિ ફલરૂપા સિદ્ધિને પ્રાપ્ત કરે છે ॥ ૪૯ ॥

હવે સિદ્ધિ પ્રાપ્તિનું ફળ કહે છે -

સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાડડપ્નોતિ નિબોધ મે ।
સમાસેનૈવ કૌન્તેય નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા ॥ ૫૦ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	હે કુન્તિપુત્ર-અર્જુન !
સિદ્ધિમ્	(પૂર્વમાં કહેવાયેલી) સિદ્ધિને
પ્રાપ્તઃ	પ્રાપ્ત થતાં
યથા	જે પ્રકારે
બ્રહ્મ	બ્રહ્મની
આપ્નોતિ	પ્રાપ્તિ કરે છે
યા	કે જે (પ્રાપ્તિ)
જ્ઞાનસ્ય	જ્ઞાનની
પરા	ઉત્કૃષ્ટ
નિષ્ઠા	સ્થિતિ છે

તથા	તે પ્રકારને
સમાસેન	સંક્ષેપમાં
એવ	જ
મે	મારાથી
નિબોધ	જાણ ॥ ૫૦ ॥

ભાવાર્થ – હે કુન્તિપુત્ર-અર્જુન ! (પૂર્વમાં કહેવાયેલી) સિદ્ધિને પ્રાપ્ત થતાં જે પ્રકારે બ્રહ્મની પ્રાપ્તિ કરે છે કે જે (પ્રાપ્તિ) જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે પ્રકારને સંક્ષેપમાં જ મારાથી જાણ ॥ ૫૦ ॥

બુદ્ધ્યા વિશુદ્ધયાયુક્તો ધૃત્યાડડત્માનંનિયમ્ય ચ ।
શબ્દાદીન્ વિષયાંસ્ત્યક્ત્વા રાગદ્વેષૌ વ્યુદસ્ય ચ ॥ ૫૧ ॥

અન્વય	અર્થ
વિશુદ્ધયા	સર્વ સંગ રહિત એક માત્ર મારામાં જ નિષ્ઠાવાળી વિશુદ્ધ
બુદ્ધ્યા	બુદ્ધિ વડે
યુક્તઃ	યુક્ત થઈને
ધૃત્યા	મારી ઈચ્છાથી બધું થઈ રહ્યું છે તેવા જ્ઞાન વડે દુઃખો વગેરેનો આભાસ થઈને પણ મારી લીલા જ્ઞાનસ્વરૂપના ધૈર્ય વડે
આત્માનમ્	જીવને
નિયમ્ય	વશ કરીને
ચ	(તથા અચલ કરીને) અને
શબ્દાદીન્	શબ્દ-સ્પર્શ વગેરે
વિષયાન્	(ઈન્દ્રિયોના) વિષયોને (ઈન્દ્રિયો વડે)
ત્યક્ત્વા	ત્યાગીને

ચ	અને
રાગ-દ્વેષૌ	આ મિત્ર છે-આ શત્રુ છે તેવા રાગ-દ્વેષને
વ્યુદસ્ય	દૂર કરીને ॥ ૫૧ ॥

ભાવાર્થ – સર્વ સંગ રહિત એક માત્ર મારામાં જ નિષ્ઠાવાળી વિશુદ્ધ બુદ્ધિ વડે યુક્ત થઈને મારી ઈચ્છાથી બધું થઈ રહ્યું છે તેવા જ્ઞાન વડે દુઃખો વગેરેનો આભાસ થઈને પણ મારી લીલા જ્ઞાનસ્વરૂપના ધૈર્ય વડે જીવને વશ કરીને (તથા અચલ કરીને) અને શબ્દ-સ્પર્શ વગેરે (ઈન્દ્રિયોના) વિષયોને (ઈન્દ્રિયો વડે) ત્યાગીને અને આ મિત્ર છે-આ શત્રુ છે તેવા રાગ-દ્વેષને દૂર કરીને ॥ ૫૧ ॥

વિવિક્તસેવી લબ્ધાશી યતવાક્કાયમાનસઃ ।
ધ્યાનયોગપરો નિત્યં વૈરાગ્યં સમુપાશ્રિતઃ ॥ ૫૨ ॥

અન્વય	અર્થ
વિવિક્તસેવી	એકાન્તમાં મારી સેવામાં પરાયણ થયેલો,
લબ્ધાશી	જે કંઈ પણ મારો પ્રસાદ પ્રાપ્ત હોય તેને જ લાભરૂપે માની ભોજન કરનારો,
યતવાક્-કાય-માનસઃ	પોતાના વાણી-કાયા-મનને જેણે વશમાં રાખ્યા છે તેવો (એટલે કે વાણીથી મારી કથા વગેરે સિવાય બીજું કંઈ ન બોલતો હોય, જેની કાયા-મારી સેવાથી અતિરિક્તમાં પ્રવૃત્ત ન થતી હોય, જેનું મન મારા સિવાય બીજું કંઈ સ્મરતું ન હોય તેવો),
નિત્યમ્	નિત્ય
ધ્યાનયોગપરઃ	ધ્યાન વડે થનારો જે યોગ એટલે કે ધ્યાનમાં થનારો જે મારો સંયોગ તેમાં પરાયણ રહેનારો,

વૈરાગ્યમ્	સર્વ વસ્તુમાં દોષના આલોચન સ્વરૂપના વૈરાગ્યનો
સમુપાશ્રિતઃ	સારી રીતે આશ્રય કરેલો ॥ ૫૨ ॥

ભાવાર્થ – એકાન્તમાં મારી સેવામાં પરાયણ થયેલો, જે કંઈ પણ મારો પ્રસાદ પ્રાપ્ત હોય તેને જ લાભરૂપે માની ભોજન કરનારો, પોતાના વાણી-કાયા-મનને જેણે વશમાં રાખ્યા છે તેવો (એટલે કે વાણીથી મારી કથા વગેરે સિવાય બીજું કંઈ ન બોલતો હોય, જેની કાયા-મારી સેવાથી અતિરિક્તમાં પ્રવૃત્ત ન થતી હોય, જેનું મન મારા સિવાય બીજું કંઈ સ્મરતું ન હોય તેવો), નિત્ય ધ્યાન વડે થનારો જે યોગ એટલે કે ધ્યાનમાં થનારો જે મારો સંયોગ તેમાં પરાયણ રહેનારો, સર્વ વસ્તુમાં દોષના આલોચન સ્વરૂપના વૈરાગ્યનો સારી રીતે આશ્રય કરેલો ॥ ૫૨ ॥

અહંકારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્ ।
વિમુચ્ય નિર્મમઃ શાન્તો બ્રહ્મભૂયાય કલ્પતે ॥ ૫૩ ॥

અન્વય	અર્થ
અહંકારમ્	હું છું-તેવા જ્ઞાનરૂપ અંહકારને,
બલમ્	સામર્થ્યને,
દર્પમ્	ગર્વને,
કામમ્	વિષયભોગરૂપ કામને,
ક્રોધમ્	નિષ્ઠુર વાક્ય ઉચ્ચારણ રૂપ ક્રોધને,
પરિગ્રહમ્	ઘર-સ્ત્રી-પતિ વગેરે ગૃહસ્થ પરિકર તેમાં
નિર્મમઃ	મમતારહિત થયેલો,
વિમુચ્ય	તે બધાને ત્યાગીને
શાન્તઃ	ભગવદનુભવમાં જ આશ્લિષ્ટ થયેલો
બ્રહ્મભૂયાય	બ્રહ્માત્મક સ્વરૂપમાં અવસ્થાનને માટે

કલ્પતે	સમર્થ થાય છે ॥ ૫૩ ॥

ભાવાર્થ – હું છું-તેવા જ્ઞાનરૂપ અંહકારને, સામર્થ્યને, ગર્વને, વિષયભોગરૂપ કામને, નિષ્ઠુર વાક્ય ઉચ્ચારણ રૂપ ક્રોધને, ઘર-સ્ત્રી-પતિ વગેરે ગૃહસ્થ પરિકર તેમાં મમતારહિત થયેલો, તે બધાને ત્યાગીને ભગવદનુભવમાં જ આશ્લિષ્ટ થયેલો બ્રહ્માત્મક સ્વરૂપમાં અવસ્થાનને માટે સમર્થ થાય છે ॥ ૫૩ ॥

બ્રહ્મરૂપમાં સ્થિતિ થતાં તેનું ફલ કહે છે -

બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।
સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥ ૫૪ ॥

અન્વય	અર્થ
બ્રહ્મભૂતઃ	બ્રહ્મરૂપમાં સ્થિત થયેલો
પ્રસન્નાત્મા	આનન્દયુક્ત ચિત્તવાળો થઈને (પછી)
ન શોચતિ	પદાર્થનો નાશ થાય ત્યારે પણ ભગવલ્લીલા છે તેવું જ્ઞાન રહેવાથી તે શોક કરતો નથી (તેમજ)
ન કાંક્ષતિ	જે પ્રાપ્ત કરવા યોગ્ય હોય તેની પણ ભગવાનની ઈચ્છા વિના આકાંક્ષા કરતો નથી,
સર્વેષુ	સર્વ
ભૂતેષુ	ભૂતોમાં-પ્રાણિઓમાં
સમઃ	(આ બધા પ્રાણિઓ જેનું કારણ બ્રહ્મ છે તેવા કાર્યાત્મક સ્વરૂપના છે તેવા જ્ઞાનથી) સમભાવવાળો
પરામ્	પ્રેમલક્ષણા એવી
મત્	મારી
ભક્તિમ્	ભક્તિને

લભતે	પ્રાપ્ત કરનારો થાય છે ॥ ૫૪ ॥

ભાવાર્થ – બ્રહ્મરૂપમાં સ્થિત થયેલો આનન્દયુક્ત ચિત્તવાળો થઈને (પછી) પદાર્થનો નાશ થાય ત્યારે પણ ભગવલ્લીલા છે તેવું જ્ઞાન રહેવાથી તે શોક કરતો નથી (તેમજ) જે પ્રાપ્ત કરવા યોગ્ય હોય તેની પણ ભગવાનની ઈચ્છા વિના આકાંક્ષા કરતો નથી, સર્વ ભૂતોમાં-પ્રાણિઓમાં (આ બધા પ્રાણિઓ જેનું કારણ બ્રહ્મ છે તેવા કાર્યાત્મક સ્વરૂપના છે તેવા જ્ઞાનથી) સમભાવવાળો પ્રેમલક્ષણા એવી મારી ભક્તિને પ્રાપ્ત કરનારો થાય છે ॥ ૫૪ ॥

ભક્તિલાભથી થનારા ફલને કહે છે -

ભક્ત્યા મામભિજાનાતિ યાવાન્ યશ્ચાસિ તત્ત્વતઃ ।
તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ॥ ૫૫॥

અન્વય	અર્થ
તતઃ	તે પછી
ભક્ત્યા	ભજન વડે-ભક્તિ વડે
મામ્	મને
યાવાન્	(અગણિતાનન્દ લીલારૂપ) જેટલો
ચ	અને
યઃ	(કેવલ આનન્દ રસરૂપ) જે
અસ્મિ	હું છું (તે)
તત્ત્વતઃ	કારણ સ્વરૂપના ધર્મો વડે-તત્ત્વતઃ
અભિજાનાતિ	સર્વ પ્રકારે-સર્વથા જાણે છે,
તદનન્તરમ્	તદનન્તર
તત્ત્વતઃ	તત્ત્વતઃ

જ્ઞાત્વા	જાણીને પછી
વિશતે	મારામાં-લીલાકર્તામાં પ્રવેશે છે (અથવા તે આનન્દરૂપ થાય છે, અથવા મારી લીલામાં પ્રવેશે છે) ।। ૫૫ ।।

ભાવાર્થ – તે પછી ભજન વડે-ભક્તિ વડે મને (અગણિતાનન્દ લીલારૂપ) જેટલો અને (કેવલ આનન્દરસરૂપ) જે હું છું (તે) કારણ સ્વરૂપના ધર્મો વડે-તત્ત્વતઃ સર્વ પ્રકારે-સર્વથા જાણે છે, તદનન્તર તત્ત્વતઃ જાણીને પછી મારામાં-લીલાકર્તામાં પ્રવેશે છે (અથવા તે આનન્દરૂપ થાય છે, અથવા મારી લીલામાં પ્રવેશે છે) ।। ૫૫ ।।

સર્વ કર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ ।
મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ।। ૫૬ ।।

અન્વય	અર્થ
સદા	નિરન્તર
મદ્વ્યપાશ્રયઃ	એકમાત્ર હું જ આશ્રય કરવા યોગ્ય છું જેના માટે તેવો થઈને
સર્વ કર્માણિ	સર્વ કર્મો (મારી આજ્ઞારૂપે, નહીં કે ફલની અભિલાષા રાખીને)
કુર્વાણઃ	કરતાં
અપિ	પણ
મત્પ્રસાદાત્	મારી પ્રસન્નતાથી
શાશ્વતમ્	અનાદિ
અવ્યયમ્	અવિનાશી
પદમ્	પદને-અક્ષરને
અવાપ્નોતિ	પ્રાપ્ત કરે છે ।। ૫૬ ।।

ભાવાર્થ – નિરન્તર એકમાત્ર હું જ આશ્રય કરવા યોગ્ય છું જેના માટે તેવો થઈને સર્વ કર્મો (મારી આજ્ઞારૂપે, નહીં કે ફલની અભિલાષા રાખીને) કરતાં પણ મારી પ્રસન્નતાથી અનાદિ અવિનાશી પદને-અક્ષરને પ્રાપ્ત કરે છે ।। ૫૬ ।।

જેથી કરીને મારા આશ્રિતને કર્મ કરીને પણ બાધારહિત ફલ થાય છે અતઃ તું પણ એ પ્રમાણે કર એમ કહે છે -

ચેતસા સર્વકર્માણિ મયિ સન્ન્યસ્યમત્પરઃ ।
બુદ્ધિયોગમુપાશ્રિત્ય મચ્ચિત્તઃ સતતં ભવ ।। ૫૭ ।।

અન્વય	અર્થ
ચેતસા	ચિત્ત વડે (બહાર બીજાઓ સમક્ષ પ્રદર્શન કર્યા વિના નિષ્કપટતા પૂર્વક)
સર્વકર્માણિ	સર્વ કર્મો
મયિ	મારામાં
સન્ન્યસ્ય	સારી રીતે સ્થાપીને-સમર્પીને (મારી આજ્ઞારૂપે કરતાં)
મત્પરઃ	હું જ એકમાત્ર પર એટલે મુખ્ય પ્રાપ્ય છું તેવો પરાયણ થઈને
બુદ્ધિયોગમ્	વ્યવસાયાત્મિકા બુદ્ધિ વડે પહેલાં કહેવાઈ ગયેલા પ્રકારના યોગનો
ઉપાશ્રિત્ય	આશ્રય કરીને
સતતમ્	નિરન્તર
મત્ચિત્તઃ	જેનું મારામાં જ ચિત્ત છે તેવો મચ્ચિત્ત
ભવ	થા ।। ૫૭ ।।

ભાવાર્થ – ચિત્ત વડે (બહાર બીજાઓ સમક્ષ પ્રદર્શન કર્યા વિના નિષ્કપટતા પૂર્વક) સર્વ કર્મો મારામાં સારી રીતે સ્થાપીને-સમર્પીને (મારી આજ્ઞારૂપે કરતાં) હું જ એકમાત્ર પર એટલે મુખ્ય પ્રાપ્ય છું તેવો પરાયણ થઈને વ્યવસાયાત્મિકા બુદ્ધિ વડે પહેલાં કહેવાઈ ગયેલા પ્રકારના યોગનો આશ્રય કરીને નિરન્તર જેનું મારામાં જ ચિત્ત છે તેવો મચ્ચિત્ત થા ॥ ૫૭॥

તેવા થવાથી તેનું ફળ કહે છે -

મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્ તરિષ્યસિ ।
અથ ચેત્ ત્વમહંકારાન્ન શ્રોષ્યસિ વિનંક્ષ્યસિ ॥ ૫૮ ॥

અન્વય	અર્થ
મચ્ચિત્તઃ	મારા ચિત્તવાળો થઈને
સર્વદુર્ગાણિ	ઐહિક-પારલૌકિક સર્વ સંકટ સ્થાનો (કર્મ કરીને પણ-તેના સાધનોથી યુક્ત હોઈને પણ મારી આજ્ઞારૂપે કરવાથી)
મત્	મારી
પ્રસાદાત્	પ્રસન્નતાથી
તરિષ્યતિ	તૂ તરી જશે,
અથ ચેત્	અને જો
અહંકારાત્	પોતાનામાં રહેલા જ્ઞાનના અભિમાનને કારણે કે કર્મ કરાતાં કર્મભોગ અવશ્ય છે એમ વિચારે કર્મ જ ન કરવા તે અર્થે
ત્વમ્	તું
ન	નહીં
શ્રોષ્યસિ	સાંભળશે (તો તું)
વિનંક્ષ્યસિ	મારા સમ્બન્ધથી ભ્રષ્ટ થશે ॥ ૫૮ ॥

ભાવાર્થ – મારા ચિત્તવાળો થઈને ઐહિક-પારલૌકિક સર્વ સંકટ સ્થાનો (કર્મ કરીને પણ-તેના સાધનોથી યુક્ત હોઈને પણ મારી આજ્ઞારૂપે કરવાથી) મારી પ્રસન્નતાથી તું તરી જશે, અને જો પોતાનામાં રહેલા જ્ઞાનના અભિમાનને કારણે કે કર્મ કરાતાં કર્મભોગ અવશ્ય છે એમ વિચારે કર્મ જ ન કરવા તે અર્થે તું નહીં સાંભળશે (તો તું) મારા સમ્બન્ધથી ભ્રષ્ટ થશે ॥૫૮ ॥

યદહંકારમાશ્રિત્ય નયોત્સ્ય ઈતિ મન્યસે ।
મિથ્યૈષ વ્યવસાયસ્તે પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ ॥ ૫૯ ॥

અન્વય	અર્થ
યત્	જે (યુદ્ધ કરવાથી ગુરુહનન વગેરે રૂપ અધર્મ મને પ્રાપ્ત થશે તેવા)
અહંકારમ્	(અજ્ઞાનરૂપ) અહંકારનો (મારા વાક્યો નહીં સાંભળી)
આશ્રિત્ય	આશ્રય કરી
ન	નહીં
યોત્સ્યે	યુદ્ધ કરીશ
ઈતિ	એમ (તું)
મન્યસે	માને છે (પરંતુ)
એષ	આ
તે	તારો
વ્યવસાયઃ	વ્યવસાય-નિશ્ચય
મિથ્યા	અસદ્રૂપ-નિષ્ફલ મિથ્યા છે (કારણ કે તું પ્રકૃતિને પરાધીન છે અને)
પ્રકૃતિઃ	પ્રકૃતિ

ત્વામ્	(મને આધીન છે તેથી મારી આજ્ઞાવિમુખ એવા) તને
નિયોક્ષ્યતિ	યોજશે-(યુદ્ધમાં તને પ્રવર્તાવશે) (મારી આજ્ઞાવિમુખ લોકોને પ્રકૃતિ યોજે છે, મારી આજ્ઞા મુજબ વર્તનારને પ્રકૃતિ નથી યોજતી) ॥ ૫૯ ॥

ભાવાર્થ – જે (યુદ્ધ કરવાથી ગુરુહનન વગેરે રૂપ અધર્મ મને પ્રાપ્ત થશે તેવા) (અજ્ઞાનરૂપ) અહંકારનો (મારા વાક્યો નહીં સાંભળી) આશ્રય કરી નહીં યુદ્ધ કરીશ એમ (તું) માને છે (પરંતુ) આ તારો વ્યવસાય-નિશ્ચય અસદ્રૂપ-નિષ્ફલ મિથ્યા છે (કારણ કે તું પ્રકૃતિને પરાધીન છે અને) પ્રકૃતિ (મને આધીન છે તેથી મારી આજ્ઞાવિમુખ એવા) તને યોજશે-(યુદ્ધમાં તને પ્રવર્તાવશે) (મારી આજ્ઞાવિમુખ લોકોને પ્રકૃતિ યોજે છે, મારી આજ્ઞા મુજબ વર્તનારને પ્રકૃતિ નથી યોજતી) ॥ ૫૯ ॥

સ્વભાવજેન કૌન્તેય નિબદ્ધઃ સ્વેન કર્મણા ।
કર્તું નેચ્છસિ યન્મોહાત્ કરિષ્યસ્યવશોડપિ તત્ ॥ ૬૦ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	(સ્નેહપાત્ર એવા) હે કુન્તિપુત્ર-અર્જુન !
સ્વભાવજેન	(મારી ક્રીડામાં-મારી ઈચ્છાથી તું ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયો હોવાથી તે) ક્ષાત્ર સ્વભાવ વડે
સ્વેન	પોતાના ક્ષાત્ર
કર્મણા	(શૌર્ય વગેરે) કર્મથી
નિબદ્ધઃ	યન્ત્રિત (યન્ત્રની માફક બીજાને આધીન) થયેલો એવો તું
યત્	જે
મોહાત્	મોહવશ
કર્તુમ્	યુદ્ધ કરવું
ન	નથી
ઈચ્છસિ	ઈચ્છતો
તત્	(તેમ છતાં પણ) તે યુદ્ધને
અવશઃ	વિવશ થયેલો
અપિ	પણ તું (અવશ્ય)
કરિષ્યસિ	કરશે (જ) ॥ ૬૦ ॥

ભાવાર્થ – (સ્નેહપાત્ર એવા) હે કુન્તિપુત્ર-અર્જુન ! (મારી ક્રીડામાં-મારી ઈચ્છાથી તું ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયો હોવાથી તે) ક્ષાત્ર સ્વભાવ વડે પોતાના ક્ષાત્ર (શૌર્ય વગેરે) કર્મથી યન્ત્રિત (યન્ત્રની માફક બીજાને આધીન) થયેલો એવો તું જે મોહવશ યુદ્ધ કરવું નથી ઈચ્છતો (તેમ છતાં પણ) તે યુદ્ધને વિવશ થયેલો પણ તું (અવશ્ય) કરશે (જ) ॥ ૬૦ ॥

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેડર્જુન તિષ્ઠતિ ।
ભ્રામયન્ સર્વ ભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥ ૬૧ ॥

અન્વય	અર્થ
અર્જુન	હે અર્જુન !
ઈશ્વરઃ	નિયમન કરનાર (અન્તર્યામીરૂપે) ઈશ્વર
સર્વભૂતાનામ્	સર્વ પ્રાણિમાત્રના
હૃદ્દેશે	હૃદયના મધ્યે
યન્ત્રારૂઢાનિ	શરીરરૂપી યન્ત્રમાં આરૂઢ થયેલા
સર્વભૂતાનિ	સર્વપ્રાણિઓને
માયયા	માયા વડે
ભ્રામયન્	ભ્રમાવતા-ફેરવતા (જેમ લાકડાના યન્ત્રમાં રહેલા પ્રાણિઓના પૂતળાઓને સૂત્રધાર ચલાવે છે તેમ)

તિષ્ઠતિ	રહે છે ।। ૬૧ ।।

ભાવાર્થ – હે અર્જુન ! નિયમન કરનાર (અન્તર્યામીરૂપે) ઈશ્વર સર્વ પ્રાણિમાત્રના હૃદયના મધ્યે શરીરરૂપી યન્ત્રમાં આરૂઢ થયેલા સર્વપ્રાણિઓને માયા વડે ભ્રમાવતા-ફેરવતા (જેમ લાકડાના યન્ત્રમાં રહેલા પ્રાણિઓના પૂતળાઓને સૂત્રધાર ચલાવે છે તેમ) રહે છે ।। ૬૧ ।।

મને નહીં જાણીને મારી આજ્ઞા મુજબ નથી કરતો તો પછી હૃદયમાં સ્થિત ઈશ્વરને જ શરણે જા એમ કહે છે -

તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત ।
તત્પ્રસાદાત્પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ॥ ૬૨ ॥

અન્વય	અર્થ
ભારત	હે સત્કુલમાં ઉત્પન્ન હોવાથી અહંકારરહિત-અર્જુન !
તમ્	પૂર્વશ્લોકમાં કહેવાયેલ તેને (હૃદયસ્થિત ઈશ્વરને)
સર્વભાવેન	સંકલ્પ-વિકલ્પના ત્યાગપૂર્વક સર્વભાવે-સમ્પૂર્ણ અન્તઃકરણથી
શરણમ્	શરણે
ગચ્છ	જા,
તત્	તે ઈશ્વરના
પ્રસાદાત્	પ્રસાદથી-પ્રસન્નતાથી
પરામ્	ઉત્કૃષ્ટ
શાન્તિમ્	શાન્તિરૂપ
શાશ્વતમ્	નિત્ય (અવિનાશી)
સ્થાનમ્	(અક્ષરાત્મક) ઉત્કૃષ્ટ સ્થાનને
પ્રાપ્સ્યસિ	પ્રાપ્ત થશે ।। ૬૨ ।।

ભાવાર્થ – હે સત્કુલમાં ઉત્પન્ન હોવાથી અહંકારરહિત-અર્જુન ! પૂર્વશ્લોકમાં કહેવાયેલ તેને (હૃદયસ્થિત ઈશ્વરને) સંકલ્પ-વિકલ્પના ત્યાગપૂર્વક સર્વભાવે-સમ્પૂર્ણ અન્તઃકરણથી શરણે જા, તે ઈશ્વરના પ્રસાદથી-પ્રસન્નતાથી ઉત્કૃષ્ટ શાન્તિરૂપ નિત્ય (અવિનાશી) (અક્ષરાત્મક) ઉત્કૃષ્ટ સ્થાનને પ્રાપ્ત થશે ।। ૬૨ ।।

હવે સમ્પૂર્ણ ગીતાશાસ્ત્રનો ઉપસંહાર કરતાં કહે છે -

ઈતિ તે જ્ઞાનમાખ્યાતં ગુહ્યાદ્ગુહ્યતરં મયા ।
વિમૃશ્યૈતદશેષેણ યથેચ્છસિ તથા કુરુ ॥ ૬૩ ॥

અન્વય	અર્થ
ઈતિ	આ પ્રકારે
તે	તને
મયા	સર્વ કંઈ કરનાર એવા મેં
ગુહ્યાત્	ગુપ્તથી પણ
ગુહ્યતરમ્	અત્યન્ત ગુપ્ત એવું (ગુપ્તમંત્ર સમાન સર્વ શાસ્ત્રોના જ્ઞાનના સારરૂપ એવું)
જ્ઞાનમ્	જ્ઞાન
આખ્યાતમ્	(સર્વ પ્રકારે સાધનો સહિતનું) કહ્યું,
એતત્	આને (મારા દ્વારા ઉપદિષ્ટ ગીતાશાસ્ત્રના અર્થને)
અશેષેણ	પૂર્વ-અપર અનુસન્ધાનપૂર્વક
વિમૃશ્ય	પર્યાલોચના કરીને (પછી)
યથા	જેમ
ઈચ્છસિ	કરવાની ઈચ્છા કરે

તથા	તે મુજબ
કુરુ	કર ॥ ૬૩ ॥

ભાવાર્થ – આ પ્રકારે તને સર્વ કંઈ કરનાર એવા મેં ગુપ્તથી પણ અત્યન્ત ગુપ્ત એવું (ગુપ્તમંત્ર સમાન સર્વ શાસ્ત્રોના જ્ઞાનના સારરૂપ એવું) જ્ઞાન (સર્વ પ્રકારે સાધનો સહિતનું) કહ્યું, આને (મારા દ્વારા ઉપદિષ્ટ ગીતાશાસ્ત્રના અર્થને) પૂર્વ-અપર અનુસન્ધાનપૂર્વક પર્યાલોચના કરીને (પછી) જેમ કરવાની ઈચ્છા કરે તે મુજબ કર ॥ ૬૩ ॥

ઈશ્વરની ઉક્તિમાં પર્યાલોચના કરવી એ અસંભવ છે એમ વિચારી રહેલા અર્જુનને કૃપાપૂર્વક અને તે દ્વારા લોકોનો ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા ભગવાન નિશ્ચિત અર્થને પોતે જ કહે છે -

સર્વ ગુહ્યતમં ભૂયઃ શ્રૃણુ મે પરમં વચઃ ।
ઈષ્ટોઽસિ મે દૃઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્ ॥ ૬૪ ॥

અન્વય	અર્થ
સર્વગુહ્યતમમ્	સર્વ ગુહ્યથી પણ ગુહ્યોમાં
ભૂયઃ	(અત્યધિક ગુહ્ય એવું) પૂર્વમાં કહેવાયું હોઇને પણ ફરીથી
મે	મારું
પરમમ્	પરમ-ફલરૂપ
વચઃ	વચન (કે જે હવે હું કહીશ તેને તું)
શ્રૃણુ	સાંભળ (કારણ કે તું)
મે	મને
દૃઢમ્	અત્યન્ત
ઈષ્ટઃ	પ્રિય (અપ્રિય કરવા છતાં પણ-કરીને પણ અન્યથાભાવ રહિત-ઈષ્ટ)

અસિ	છે (તેથી)
તતઃ	તે કારણથી
ઈતિ	આ
તે	તારું
હિતમ્	હિત (જેમાં છે તે તને)
વક્ષ્યામિ	કહું છું ॥ ૬૪ ॥

ભાવાર્થ – સર્વ ગુહ્યથી પણ ગુહ્યોમાં (અત્યધિક ગુહ્ય એવું) પૂર્વમાં કહેવાયું હોઈને પણ ફરીથી મારું પરમ-ફલરૂપ વચન (કે જે હવે હું કહીશ તેને તું) સાંભળ (કારણ કે તું) મને અત્યન્ત પ્રિય (અપ્રિય કરવા છતાં પણ-કરીને પણ અન્યથાભાવ રહિત-ઈષ્ટ) છે (તેથી) તે કારણથી આ તારું હિત (જેમાં છે તે તને) કહું છું ॥ ૬૪ ॥

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ સત્યંતે પ્રતિજાને પ્રિયોઽસિ મે ॥ ૬૫ ॥

અન્વય	અર્થ
મન્મના	મારામાં જ જેનું મન છે તેવો તું
ભવ	થા,
મદ્ભક્તો (ભવ)	મારામાં સ્નેહયુક્ત મારો ભક્ત થા,
મદ્યાજી (ભવ)	મારી પૂજા કરવાના શીલવાળો થા,
માં નમસ્કુરુ	મારામાં સર્વાધિક્ય જ્ઞાનવાળો થઈને મને નમસ્કાર કર (આ પ્રમાણે થઈને)
સત્યમ્	સત્યરૂપ એવા
મામ્	મને

એવ	જ
એષ્યસિ	પ્રાપ્ત કરશે (આ બાબતમાં સન્દેહ નહીં કરવો કારણ કે)
મે	મને (તું)
પ્રિયઃ	પ્રિય
અસિ	છે (તેથી તેવી)
તે	તારા અર્થે
પ્રતિજાને	પ્રતિજ્ઞા કરું છું ।। ૬૫ ।।

ભાવાર્થ – મારામાં જ જેનું મન છે તેવો તું થા, મારામાં સ્નેહયુક્ત મારો ભક્ત થા, મારી પૂજા કરવાના શીલવાળો થા, મારામાં સર્વાધિક્ય જ્ઞાનવાળો થઈને મને નમસ્કાર કર (આ પ્રમાણે થઈને) સત્યરૂપ એવા મને જ પ્રાપ્ત કરશે (આ બાબતમાં સન્દેહ નહીં કરવો કારણ કે) મને (તું) પ્રિય છે (તેથી તેવી) તારા અર્થે પ્રતિજ્ઞા કરું છું ।। ૬૫ ।।

આ કેવી રીતે સિદ્ધ થઈ શકે ? તો કહે છે -

સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।। ૬૬ ।।

અન્વય	અર્થ
સર્વધર્માન્	(પ્રવૃત્તિલક્ષણવાળા લૌકિક-અલૌકિક) સર્વ ધર્મોને
પરિત્યજ્ય	(તેમાં કર્તવ્યનું જ્ઞાન અને તેમાં ઉત્તમતાનું જ્ઞાન તે ન રાખી તેને) સારી રીતે ત્યાગીને
મામ્	મને
એકમ્	એકને જ
શરણમ્	શરણે
વ્રજ	જા (અહીં 'સર્વધર્મ' પદમાં બહુવચન અને 'એકમ્' માં એકવચન પ્રયોગ કરીને તે ધર્મોનું આચરણ ઘણાં આયાસોથી કષ્ટ સાધ્ય અને અંગસહિત તેનું અનુષ્ઠાન જરૂરી છે, જ્યારે અહીં સુખેન સેવ્યપણું છે અને તેટલા માત્રથી જ ભગવાન સર્વફલ આપે છે એમ જણાવ્યું છે),
અહમ્	હું
ત્વા	તને (પહેલાં કહેવાઈ ગયું તેમ તું મને પ્રિય હોવાથી તને)
પાપેભ્યઃ	પ્રતિબન્ધ કરનારા પાપોથી
મોક્ષયિષ્યામિ	મુક્ત કરીશ,
શુચઃ	પ્રતિબન્ધ કરનારા પાપોના સ્મરણ વડે શોક
મા	કર નહીં ।। ૬૬ ।।

ભાવાર્થ – (પ્રવૃત્તિલક્ષણવાળા લૌકિક-અલૌકિક) સર્વ ધર્મોને (તેમાં કર્તવ્યનું જ્ઞાન અને તેમાં ઉત્તમતાનું જ્ઞાન તે ન રાખી તેને) સારી રીતે ત્યાગીને મને એકને જ શરણે જા (અહીં 'સર્વધર્મ' પદમાં બહુવચન અને 'એકમ્' માં એકવચન પ્રયોગ કરીને તે ધર્મોનું આચરણ ઘણાં આયાસોથી કષ્ટ સાધ્ય અને અંગસહિત તેનું અનુષ્ઠાન જરૂરી છે, જ્યારે અહીં સુખેન સેવ્યપણું છે અને તેટલા માત્રથી જ ભગવાન સર્વફલ આપે છે એમ જણાવ્યું છે), હું તને (પહેલાં કહેવાઈ ગયું તેમ તું મને પ્રિય હોવાથી તને) પ્રતિબન્ધ કરનારા પાપોથી મુક્ત કરીશ, પ્રતિબન્ધ કરનારા પાપોના સ્મરણ વડે શોક કર નહીં ।। ૬૬ ।।

આ પ્રમાણે સકલ શાસ્ત્રાર્થ-ગીતાર્થ તત્ત્વને ઉપદેક્ષ્યા પછી લોકોના ઉદ્ધાર અર્થે આ મુજબ માર્ગપ્રવર્તનને અર્થે આના અધિકારીને જણાવે છે -

ઈદં તે નાતપસ્કાય નાભક્તાય કદાચન ।

ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોડભ્યસૂયતિ ॥ ૬૭ ॥

અન્વય	અર્થ
ઈદમ્	આ સર્વ શાસ્ત્રોનું રહસ્ય
તે	તારે
અતપસ્કાય	તપરહિત-પોતાના આચારથી હીનને (અને)
અભક્તાય	ભક્તિરહિતને
કદાચન	(તથા જે અભક્તોના સંસર્ગવાળા હોય તેવાઓને પણ) ક્યારેય
ન	નહીં
વાચ્યમ્	કહેવું,
ન ચ	ન તો
અશુશ્રૂવે	શ્રવણની ઈચ્છા વિનાનાને (અથવા મારી પરિચર્યા જે ન કરતો હોય તેવાને અને)
ન ચ	ન તો
યઃ	જે
મામ્	મને (પુરુષોત્તમને)
અભ્યસૂયતિ	બહિર્મુખતાપૂર્વક દોષારોપણ કરીને કુટિલતાથી નિન્દિત કરતા હોય-મારી નિન્દા કરતા હોય (તેવાઓને પણ ન કહેવું) ॥ ૬૭ ॥

ભાવાર્થ – આ સર્વ શાસ્ત્રોનું રહસ્ય તારે તપરહિત-પોતાના આચારથી હીનને (અને) ભક્તિરહિતને (તથા જે અભક્તોના સંસર્ગવાળા હોય તેવાઓને પણ) ક્યારેય નહીં કહેવું, ન તો શ્રવણની ઈચ્છા વિનાનાને (અથવા મારી પરિચર્યા જે ન કરતો હોય તેવાને અને) ન તો જે મને

(પુરુષોત્તમને) બહિર્મુખતાપૂર્વક દોષારોપણ કરીને કુટિલતાથી નિન્દિત કરતા હોય-મારી નિન્દા કરતા હોય (તેવાઓને પણ ન કહેવું) ॥ ૬૭ ॥

આ દોષોવાળાઓને સર્વથા ન કહેવું અને જે લોકો આ દોષોથી રહિત હોય તેવાઓને સર્વથા કહેવું તેનું ફલ કહે છે -

ય ઈમં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ ।
ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્યસંશયઃ ॥ ૬૮ ॥

અન્વય	અર્થ
યઃ	જે (કોઈ દુર્લભ-મારી ભક્તિમાં રસાવિષ્ટ થયેલો એવો)
ઈમમ્	આ (પૂર્વના શ્લોકોમાં કહેવાઈ ગયા મુજબનું)
પરમમ્	સર્વથી ઉત્કૃષ્ટ,
ગુહ્યમ્	ગોપ્ય
મદ્	મારા
ભક્તેષુ	ભક્તોમાં (પૂર્વમાં કહેવાઈ ગયેલા દોષોથી રહિત અને તે દોષોથી વિપરીત ગુણોથી સમ્પન્ન એવાને)
અભિધાસ્યતિ	કહેશે (ત્યારે શ્રોતા-વક્તા બન્ને આના શ્રવણ વડે)
અસંશયઃ	સર્વ સંદેહ રહિત થઈને
પરામ્	સર્વથી ઉત્કૃષ્ટ એવી
મયિ	મારી
ભક્તિમ્	ભક્તિને
કૃત્વા	કરીને
મામ્	મને

એવ	જ
એષ્યતિ	પ્રાપ્ત કરશે ॥ ૬૮ ॥

ભાવાર્થ – જે (કોઇ દુર્લભ-મારી ભક્તિમાં રસાવિષ્ટ થયેલો એવો) આ (પૂર્વના શ્લોકોમાં કહેવાઇ ગયા મુજબનું) સર્વથી ઉત્કૃષ્ટ, ગોપ્ય મારા ભક્તોમાં (પૂર્વમાં કહેવાઇ ગયેલા દોષોથી રહિત અને તે દોષોથી વિપરીત ગુણોથી સમ્પન્ન એવાને) કહેશે (ત્યારે શ્રોતા-વક્તા બન્ને આના શ્રવણ વડે) સર્વ સંદેહ રહિત થઇને સર્વથી ઉત્કૃષ્ટ એવી મારી ભક્તિને કરીને મને જ પ્રાપ્ત કરશે ॥ ૬૮ ॥

આના શ્રવણ માત્રથી તે આપને કેવી રીતે પામશે ?

ન ચ તસ્માન્મનુષ્યેષુ કશ્ચિન્મે પ્રિયકૃત્તમઃ ।
ભવિતા ન ચ મે તસ્માદન્યઃ પ્રિયતરો ભુવિ ॥ ૬૯ ॥

અન્વય	અર્થ
ન ચ	ન તો
તસ્માત્	તેથી (આને કહેનારથી અધિક)
મનુષ્યેષુ	અધિકારી મનુષ્યોમાં
મે	મારું
પ્રિયકૃત્ તમઃ	પ્રિય કરનારાઓના મધ્યે અતિશય પ્રિય કરનારો બીજો
કશ્ચિત્	કોઇ (છે કારણ કે તેમાં મારા ભક્તો વડે મારો સંગ થવા માટેનો યત્ન થતો હોવાથી) અને
ન ચ	ન તો
તસ્માદ્	તેને સાંભળનાર (અને સાંભળીને મારી આજ્ઞામાં રહીને સેવા કરનારથી) અધિક
અન્યઃ	બીજો કોઇ
મે	મારું
પ્રિયતરઃ	પ્રિય કરનાર
ભુવિ	આ પૃથિવીમાં
ભવિતા	થશે ॥ ૬૯ ॥

ભાવાર્થ – ન તો તેથી (આને કહેનારથી અધિક) અધિકારી મનુષ્યોમાં મારું પ્રિય કરનારાઓના મધ્યે અતિશય પ્રિય કરનારો બીજો કોઇ (છે કારણ કે તેમાં મારા ભક્તો વડે મારો સંગ થવા માટેનો યત્ન થતો હોવાથી) અને ન તો તેને સાંભળનાર (અને સાંભળીને મારી આજ્ઞામાં રહીને સેવા કરનારથી) અધિક બીજો કોઇ મારું પ્રિય કરનાર આ પૃથિવીમાં થશે ॥ ૬૯

આ પ્રમાણે ઉપદેશ કરનાર અને સાંભળનારના ફળને કહીને હવે પાઠ કરનારનું ફળે કહે છે -

અધ્યેષ્યતે ચ ય ઈમં ધર્મ્યં સંવાદમાવયોઃ ।
જ્ઞાનયજ્ઞેન તેનાહમિષ્ટઃ સ્યામિતિ મે મતિઃ ॥ ૭૦ ॥

અન્વય	અર્થ
ચ	તેમજ
આવયોઃ	આપણા બે વચ્ચેનો (શ્રીકૃષ્ણ-અર્જુન વચ્ચેનો)
ધર્મ્યમ્	ધર્મયુક્ત અથવા ધર્મને ઉત્પન્ન કરનાર
સંવાદમ્	પ્રશ્ન-ઉત્તર સ્વરૂપનો ગીતાત્મક સંવાદ
યઃ	જે
અધ્યેષ્યતે	ધ્યાન કરીને જપરૂપે ભણશે-પાઠ કરશે
તેન	તે અધ્યયન-પાઠરૂપ
જ્ઞાનયજ્ઞેન	જ્ઞાનાત્મક મારા યજન વડે

અહમ્	હું (તેને)
ઈષ્ટઃ	પ્રિય
સ્યામ્	થઈશ
ઈતિ	એમ
મે	મારો
મતિઃ	મત છે ॥ ૭૦ ॥

ભાવાર્થ – તેમજ આપણા બે વચ્ચેનો (શ્રીકૃષ્ણ-અર્જુન વચ્ચેનો) ધર્મયુક્ત અથવા ધર્મને ઉત્પન્ન કરનાર પ્રશ્ન-ઉત્તર સ્વરૂપનો ગીતાત્મક સંવાદ જે ધ્યાન કરીને જપરૂપે ભણશે-પાઠ કરશે તે અધ્યયન-પાઠરૂપ જ્ઞાનાત્મક મારા યજન વડે હું (તેને) પ્રિય થઈશ એમ મારો મત છે ॥ ૭૦॥

આ પ્રમાણે જ્ઞાનપૂર્વક એક પાઠ કરતો હોય ત્યારે જો બીજો તેને સાંભળે તો તેને પણ ફળે છે એમ કહે છે -

શ્રદ્ધાવાનનસૂયશ્ચ શ્રૃણુયાદપિ યો નરઃ ।
સોડપિ મુક્તઃ શુભાઁલ્લોકાન્પ્રાપ્નુયાત્પુણ્યકર્મણામ્ ॥૭૧॥

અન્વય	અર્થ
યઃ	જે
નરઃ	મનુષ્ય
શ્રદ્ધાવાન્	આ શ્રવણ કરવાથી હું કૃતાર્થ થઈશ એવી શ્રદ્ધાવાળો
ચ	અને વળી
અનસૂયઃ	(આ શું પાખંડી દંભપૂર્વક જોર-જોરથી વાંચી રહ્યો છે તેવી) ઈર્ષ્યા વિનાનો (અને સારી રીતે ગીતા પાઠ કરે છે તેમ અનુમોદન કરનારો)

અપિ	પણ જો (અર્થના અવબોધ વિના પણ જો)
શ્રૃણુયાત્	સાંભળે (તો)
સઃ	તે
અપિ	પણ
મુક્તઃ	સંસારથી યા પાપોથી મુક્ત થયેલો
શુભાન્	મોક્ષને પ્રાપ્ત કરાવનારા
પુણ્યકર્મણામ્	પુણ્યકર્મથી પ્રાપ્ત એવા
લોકાન્	(સ્વર્ગાદિ) લોકોને
પ્રાપ્નુયાત્	પ્રાપ્ત કરે છે ॥ ૭૧ ॥

ભાવાર્થ – જે મનુષ્ય આ શ્રવણ કરવાથી હું કૃતાર્થ થઈશ એવી શ્રદ્ધાવાળો અને વળી (આ શું પાખંડી દંભપૂર્વક જોર-જોરથી વાંચી રહ્યો છે તેવી) ઈર્ષ્યા વિનાનો (અને સારી રીતે ગીતા પાઠ કરે છે તેમ અનુમોદન કરનારો) પણ જો (અર્થના અવબોધ વિના પણ જો) સાંભળે (તો) તે પણ સંસારથી યા પાપોથી મુક્ત થયેલો મોક્ષને પ્રાપ્ત કરાવનારા પુણ્યકર્મથી પ્રાપ્ત એવા (સ્વર્ગાદિ) લોકોને પ્રાપ્ત કરે છે ॥ ૭૧ ॥

ક્વચિદેતચ્છ્રુતં પાર્થ ત્વયૈકાગ્રેણ ચેતસા ।
ક્વચિદજ્ઞાનસમ્મોહઃ પ્રનષ્ટસ્તે ધનઞ્જય ॥૭૨॥

અન્વય	અર્થ
પાર્થ	હે શ્રદ્ધાપૂર્વક આ શ્રવણ કરવા યોગ્ય પૃથાપુત્ર !
ધનઞ્જય	ધનંજય-અર્જુન !
ક્વચિત્	શું
ત્વયા	તેં

એકાગ્રેણ	એકાગ્ર-સાવધાન
ચેતસા	ચિત્તે
એતત્	આ મારા દ્વારા કહેવાયેલું
શ્રુતમ્	સાંભળ્યું ? (તે સાંભળીને)
તે	તારો
અજ્ઞાનસંમોહઃ	(અસુરોને માર એમ મારા વડે કહેવાતાં અજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલો સંમોહ કે આ બધાને મારવાથી પાપ ઉત્પન્ન થશે તેવો) અજ્ઞાનસંમોહ-ભ્રમ
પ્રનષ્ટઃ	નષ્ટ થયો ? ॥ ૭૨ ॥

ભાવાર્થ – હે શ્રદ્ધાપૂર્વક આ શ્રવણ કરવા યોગ્ય પૃથાપુત્ર ! ધનંજય-અર્જુન ! શું તેં એકાગ્ર-સાવધાન ચિત્તે આ મારા દ્વારા કહેવાયેલું સાંભળ્યું? (તે સાંભળીને) તારો (અસુરોને માર એમ મારા વડે કહેવાતાં અજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલો સંમોહ કે આ બધાને મારવાથી પાપ ઉત્પન્ન થશે તેવો) અજ્ઞાનસંમોહ-ભ્રમ નષ્ટ થયો ? ॥ ૭૨ ॥

આ પ્રમાણે જેનો મોહ નાશ થયો છે તેવો અર્જુન ઉત્તર આપે છે -

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાઽચ્યુત ।
સ્થિતોઽસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ ॥ ૭૩ ॥

અન્વય	અર્થ
અચ્યુત	હે સર્વત્ર ચ્યુતિરહિત-અચ્યુત !
મોહઃ	અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ મોહ-ભ્રમ (તમારી ઉક્તિ સાંભળીને)
નષ્ટઃ	નાશ થયો (એટલું જ નહીં પણ તેથી અધિક પણ થયું)
મયા	અહંકાર-અજ્ઞાન સહિતના એવા મેં
ત્વત્	તમારી
પ્રસાદાત્	કૃપા-પ્રસન્નતાથી (કે જે સાધનોથી અલભ્ય છે તે)
સ્મૃતિઃ	(આપ અંશી છો અને હું અંશ છું - આપ સ્વામી છો અને હું દાસ છું તેવા સ્વરૂપની) સ્મૃતિ
લબ્ધા	પ્રાપ્ત કરી
ગતસન્દેહઃ	(પ્રભુની આજ્ઞાનું પાલન જ દાસનો ધર્મ છે, અન્ય ધર્મ-અધર્મનો વિચાર દાસે કરવાનો હોય નહીં એ પ્રમાણે) જેનાં સર્વ સંદેહો ચાલ્યા ગયા છે તેવો હું
સ્થિતઃ	(દાસભાવે આપની સમક્ષ) સ્થિત
અસ્મિ	છું,
તવ	આપે
વચનમ્	(પૂર્વમાં કહ્યું કે યુદ્ધાદિ કર, સર્વધર્મ ત્યાગ કર, મારા ભક્તોમાં આનો ઉપદેશ કર તે) આપના વચન અનુસાર હું
કરિષ્યે	કરીશ ॥ ૭૩ ॥

ભાવાર્થ – હે સર્વત્ર ચ્યુતિરહિત-અચ્યુત ! અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ મોહ-ભ્રમ (તમારી ઉક્તિ સાંભળીને) નાશ થયો (એટલું જ નહીં પણ તેથી અધિક પણ થયું) અહંકાર-અજ્ઞાન સહિતના એવા મેં તમારી કૃપા - પ્રસન્નતાથી (કે જે સાધનોથી અલભ્ય છે તે) (આપ અંશી છો અને હું અંશ છું - આપ સ્વામી છો અને હું દાસ છું તેવા સ્વરૂપની) સ્મૃતિ પ્રાપ્ત કરી (પ્રભુની આજ્ઞાનું પાલન જ દાસનો ધર્મ છે, અન્ય ધર્મ-અધર્મનો વિચાર દાસે કરવાનો હોય નહીં એ પ્રમાણે) જેનાં સર્વ સંદેહો ચાલ્યા ગયા છે તેવો હું (દાસભાવે આપની સમક્ષ) સ્થિત છું, આપે (પૂર્વમાં કહ્યું કે યુદ્ધાદિ કર, સર્વધર્મ ત્યાગ કર, મારા ભક્તોમાં આનો ઉપદેશ કર તે)

આપના વચન અનુસાર હું કરીશ ॥ ૭૩ ॥

આ પ્રમાણે ધૃતરાષ્ટ્રે પૂછેલા શ્રીકૃષ્ણ-અર્જુનના સંવાદને સફલ અને સમ્પૂર્ણ કહીને ભગવાનમાં ઈર્ષ્યાવાળો હોઈ ધૃતરાષ્ટ્રને શ્રવણના ફલનો અભાવ અને પોતાને આ સંવાદ શ્રવણ કરીને થયેલા આનન્દને જણાવવા માટે પ્રસ્તુત કથાના અનુસન્ધાન પૂર્વક સંજય કહે છે -

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

ઈત્યહં વાસુદેવસ્ય પાર્થસ્ય ચ મહાત્મનઃ ।
સંવાદમિમમશ્રૌષમદ્ભુતં રોમહર્ષણમ્ ॥ ૭૪ ॥

અન્વય	અર્થ
ઈતિ	આ પ્રકારે
અહમ્	હું (તમારો હોવાથી દ્વેષ સમ્બન્ધ યુક્ત હોઈને પણ)
વાસુદેવસ્ય	મોક્ષને આપનારા વાસુદેવના
ચ	અને
મહાત્મનઃ	ભગવાનના ભક્ત એવા
પાર્થસ્ય	પૃથાપુત્ર અર્જુનના
ઈમમ્	આ (પૂર્વમાં હું કહી ગયો તે)
અદ્ભુતમ્	અલૌકિક (અને)
રોમહર્ષણમ્	રોમાંચકારી-આનન્દનો ઉદ્બોધ કરનાર
સંવાદમ્	પ્રશ્ન-ઉત્તર રૂપ સંવાદને
અશ્રૌષમ્	સાંભળવાવાળો હું થયો ॥ ૭૪ ॥

ભાવાર્થ – આ પ્રકારે હું (તમારો હોવાથી દ્વેષ સમ્બન્ધ યુક્ત હોઈને પણ) મોક્ષને આપનારા વાસુદેવના અને ભગવાનના ભક્ત એવા પૃથાપુત્ર અર્જુનના આ (પૂર્વમાં હું કહી ગયો તે) અલૌકિક (અને) રોમાંચકારી-આનન્દનો ઉદ્બોધ કરનાર પ્રશ્ન-ઉત્તર રૂપ સંવાદને સાંભળવાવાળો હું થયો ॥ ૭૪ ॥

જો તમારો દ્વેષભાવ સમ્બન્ધ હતો તો પછી તમે કેમ કરી સાંભળ્યું? તો કહે છે -

વ્યાસપ્રસાદાત્ શ્રુતવાન્ એતદ્ગુહ્યમહં પરમ્ ।
યોગં યોગેશ્વરાત્ કૃષ્ણાત્ સાક્ષાત્ કથયતઃ સ્વયમ્ ॥ ૭૫ ॥

અન્વય	અર્થ
વ્યાસ-પ્રસાદાત્	ભગવાનની જ્ઞાનકલાથી પ્રકટ જ્ઞાનાવતાર વ્યાસની (વ્યાસજીએ મને આંખ-કાન વગેરે અલૌકિક-સુદૂરનું પણ જોઈ-સાંભળી શકાય તેવા આપ્યા તે) કૃપાથી
એતદ્	આ પરિદશ્યમાન્
ગુહ્યમ્	ગોપ્ય,
પરમ્	સર્વોત્કૃષ્ટ,
યોગમ્	યોગને
યોગેશ્વરાત્	યોગના ઈશ્વર એવા
કૃષ્ણાત્	કૃષ્ણથી (તેમને)
સાક્ષાત્	સાક્ષાત્
સ્વયમ્	પોતે જ
કથયતઃ	કહેતાં
શ્રુતવાન્	સાંભળવાવાળો હું થયો (છું) ॥ ૭૫ ॥

ભાવાર્થ – ભગવાનની જ્ઞાનકલાથી પ્રકટ જ્ઞાનાવતાર વ્યાસની

(વ્યાસજીએ મને આંખ-કાન વગેરે અલૌકિક-સુદૂરનું પણ જોઇ-સાંભળી શકાય તેવા આપ્યા તે) કૃપાથી આ પરિદૃશ્યમાન્ ગોપ્ય, સર્વોત્કૃષ્ટ, યોગને યોગના ઈશ્વર એવા કૃષ્ણથી (તેમને) સાક્ષાત્ પોતે જ કહેતાં સાંભળવાવાળો હું થયો (છું) ॥ ૭૫ ॥

રાજન્ સંસ્મૃત્ય સંસ્મૃત્ય સંવાદમિમમદ્ભુતમ્ ।
કેશવાર્જુનયોઃ પુણ્યં હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ ॥ ૭૬ ॥
તચ્ચ સંસ્મૃત્ય સંસ્મૃત્ય રૂપમત્યદ્ભુતં હરેઃ ।
વિસ્મયો મે મહાન્ રાજન્ હૃષ્યામિ ચ પુનઃ પુનઃ ॥ ૭૭ ॥

અન્વય	અર્થ
રાજન્	હે રાજા ધૃતરાષ્ટ્ર !
ઈમમ્	આ
કેશવાર્જુનયોઃ	કેશવ (કૃષ્ણ) અને અર્જુનના
અદ્ભુતમ્	લૌકિક યુક્તિથી રહિત
ચ	અને
પુણ્યમ્	પુણ્યને ઉત્પન્ન કરનાર-પુણ્યરૂપ
સંવાદમ્	સંવાદનું
સંસ્મૃત્ય	આદરપૂર્વક
સંસ્મૃત્ય	સ્મરણ કરીને
મુહુર્મુહુઃ	વારંવાર
હૃષ્યામિ	હર્ષને પામું છું-પ્રતિક્ષણ રોમાંચિત થાઉં છું ॥ ૭૬ ॥
તત્ ચ	વળી તે

અતિઅદ્ભુતમ્	અતિશય અલૌકિક એવું
હરેઃ	સર્વના દુઃખોને દૂર કરનાર હરિના
રૂપમ્	(પુરુષોત્તમ સમ્બન્ધી પુરુષોત્તમપણાએ અનુભવૈકવેદ્ય) રૂપનું
સંસ્મૃત્ય	સ્મરણ કરીને
સંસ્મૃત્ય	વળી ધ્યાન કરીને
મે	મને (કે કેમ કરીને તમારા પક્ષવાળાઓ જીતી શકશે તેવો)
વિસ્મયઃ	વિસ્મય થયો છે
ચ	અને
રાજન્	હે રાજા ધૃતરાષ્ટ્ર ? (તેમજ મૂલભૂત સ્વરૂપના દર્શન થકી બધા જ મોક્ષને પામશે એમ)
પુનઃ પુનઃ	આદરપૂર્વક વારંવાર
હૃષ્યામિ	હર્ષને-આનન્દને પામું છું ॥ ૭૭ ॥

ભાવાર્થ – હે રાજા ધૃતરાષ્ટ્ર ! આ કેશવ (કૃષ્ણ) અને અર્જુનના લૌકિક યુક્તિથી રહિત અને પુણ્યને ઉત્પન્ન કરનાર-પુણ્યરૂપ સંવાદનું આદરપૂર્વક સ્મરણ કરીને વારંવાર હર્ષને પામું છું-પ્રતિક્ષણ રોમાંચિત થાઉં છું ॥ ૭૬ ॥ વળી તે અતિશય અલૌકિક એવું સર્વના દુઃખોને દૂર કરનાર હરિના (પુરુષોત્તમ સમ્બન્ધી પુરુષોત્તમપણાએ અનુભવૈકવેદ્ય) રૂપનું સ્મરણ કરીને વળી ધ્યાન કરીને મને (કે કેમ કરીને તમારા પક્ષવાળાઓ જીતી શકશે તેવો) વિસ્મય થયો છે અને હે રાજા ધૃતરાષ્ટ્ર ? (તેમજ મૂલભૂત સ્વરૂપના દર્શન થકી બધા જ મોક્ષને પામશે એમ) આદરપૂર્વક વારંવાર હર્ષને-આનન્દને પામું છું ॥ ૭૭ ॥

આ પ્રમાણે ગીતાશ્રવણ વડે ભગવદ્ દર્શનથી થયેલ આનન્દથી

આનન્દિત ચિત્ત વડે તે પ્રકારના જ્ઞાન વડે શરણે જવાના અર્થે પોતાની મતિથી નિશ્ચિત કરેલા અર્થને કહે છે -

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીઃવિજયો ભૂતિઃ ધ્રુવા નીતિર્મતિર્મમ ॥ ૭૮ ॥

અન્વય	અર્થ
યત્ર	જ્યાં-જેના પક્ષે
યોગેશ્વરઃ	યોગોના-સર્વ સાધનોના ઈશ્વર-નિયામક એવા
કૃષ્ણઃ	કૃષ્ણ છે
તત્ર	ત્યાં (તે પક્ષે)
શ્રીઃ	લક્ષ્મી છે,
યત્ર	જ્યાં-જે પક્ષે
ધનુર્ધરઃ	ધનુષને ધારણ કરેલો-સામગ્રીસહિતનો
પાર્થઃ	પૃથા-ક્ષત્રિયા-ક્ષાત્રગુણસમ્પન્ન એવી પૃથા, તેનો મહાશૂર અને ભગવદીય પુત્ર-પાર્થ છે (ત્યાં)
વિજયઃ	શત્રુઓના પરાજયપૂર્વક પોતાના ઉત્કર્ષરૂપ વિજય (અને)
ભૂતિઃ	લક્ષ્મીના અંશરૂપા રાજ્યલક્ષ્મી
ધ્રુવા	નિશ્ચલા (છે અને ત્યાં)
નીતિઃ	નીતિ-ન્યાય છે એમ
મમ	મારી (સંજયની)
મતિઃ	બુદ્ધિ-મતિ છે ॥ ૭૮ ॥

ભાવાર્થ – જ્યાં-જેના પક્ષે યોગોના-સર્વ સાધનોના ઈશ્વર-નિયામક એવા કૃષ્ણ છે ત્યાં (તે પક્ષે) લક્ષ્મી છે, જ્યાં-જે પક્ષે ધનુષને ધારણ કરેલો-સામગ્રીસહિતનો પૃથા-ક્ષત્રિયા-ક્ષાત્રગુણસમ્પન્ન એવી પૃથા, તેનો મહાશૂર અને ભગવદીય પુત્ર-પાર્થ છે (ત્યાં) શત્રુઓના પરાજયપૂર્વક પોતાના ઉત્કર્ષરૂપ વિજય (અને) લક્ષ્મીના અંશરૂપા રાજ્યલક્ષ્મી નિશ્ચલા (છે અને ત્યાં) નીતિ-ન્યાય છે એમ મારી (સંજયની) બુદ્ધિ-મતિ છે ॥ ૭૮ ॥

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે મોક્ષસંન્યાસયોગો નામ અષ્ટાદશોઽધ્યાયઃ ॥ ૧૮ ॥